પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૧૨૫ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૯-૦૧-૨૦૨૨ બુધવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## મુંબઈમાં નેવીના જહાજ INS રણવીરમાં જોરદાર વિસ્ફોટ, ૩ જવાન શહીદ, ૧૧ ઘાયલ

મુંબઈ,

મુંબઈમાં ઈન્ડીયન નેવીના જહાજ INS રણવીરમાં એક કરૂણ ઘટના બની છે. INS રણવીરના અંદરના ભાગમાં અચાનક કોઈ કારણોસર બ્લાસ્ટ થયો હતો જેમાં નેવીના ૩ જવાનો શહીદ થયા હતા તથા બીજા કેટલાક જવાનો ઘાયલ થયા હતા. આ ઘટનામાં ૧૧ જવાન ઘાયલ થયાની પણ ખબર છે. INS રણવીર જ્યારે એક ઓપરેશન પાર પાડીને તેના મૂળ ઠેકાણે પરત આવી રહ્યું હતું ત્યારે વચ્ચે વિસ્ફોટ થયો હતો. વિસ્ફોટ બાદ આગ ફાટી નીકળી હતી. સદનસીબે ચાલક દળના સભ્યોએ ચપળતાથી પરિસ્થિતિને કાબૂમાં લાવી દીધી હતી. નેવીએ આ ઘટનાનો ઉચ્ચ સ્તરીય આદેશ આપી દીધો છે. વિસ્ફોટનું કારણ જાણવા મળી શક્યું નથી, તે તો તપાસ બાદ બહાર આવશે.



ઘટના બાદ તાકીદના ધોરણે રાહત બચાવ અભિયાન શરૂ કરી દેવાયું હતું. જહાજના ચાલક દળના સભ્યોએ તરત સ્થિતિને નિયંત્રણમાં લાવવાનો પ્રયાસ કર્યો હતો. સદનસીબે જહાજને કોઈ નુકશાન પહોંચ્યું નથી પરંતુ કરૂણ વાત એ છે કે નેવીના ૩ જવાન શહીદ થયા છે.

ઓપરેશન પાર પાડીને પરત આવતા બની દુર્ઘટના : નેવીની પૂર્વ કમાનમાં INS રણવીર નવેમ્બર ૨૦૨૧થી દરિયા કિનારાના વિસ્તારમાં ઓપરેશન પાર પાડી રહ્યું છે અને થોડી વારમાં તો પાછું આવવાનું હતું બરાબર આ સમયે તેમાં મોટો બ્લાસ્ટ થયો હતો. આ કેસમાં બોર્ડ ઓફ ઈન્કવાયરીનો ઓર્ડર આપી દેવાયો છે.

- મુંબઈમાં ઈન્ડીયન નેવીના જહાજ INS રણવીરમાં જોરદાર બ્લાસ્ટ થતા ૩ જવાન શહીદ થયા છે તથા બીજા ઘણા ઘાયલ થયા છે.
- ઈન્ડીયન નેવીના જહાજ INS રણવીરમાં થયો જોરદાર બ્લાસ્ટ.
- ૩ જવાન થયા શહીદ.
- બીજા કેટલાક જવાન ઘાયલ.

૨૦૧૬માં નેવીના વિક્રમાદિત્યમાં મોટી દુર્ઘટના થઈ હતી : આ પહેલા ૨૦૧૬માં પણ નેવીના એરક્રાફ્ટ કેરિયર વિક્રમાદિત્યમાં એક મોટી દુર્ઘટના થઈ હતી જેમાં બે સોલ્જર શહીદ થયા હતા. ગોવાની પાસે કારવાર નેવી બેસ પર વિક્રમાદિત્યના રીફિટિંગનું કામ ચાલી રહ્યું હતું ત્યારે આ દુર્ઘટના બની હતી.

### માનવાધિકાર આયોગની કેન્દ્ર-રાજ્યોને નોટિસ

## ૯૭ કાનુનોની જોગવાઈમાં રક્તપિત્તના રોગીઓ સાથે ભેદભાવ થઈ રહ્યો હોવાનું જણાવાયું

નવીદિલ્હી,

રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગઈ કુષ્ઠ રોગીઓના મામલે કેન્દ્ર અને રાજ્ય સરકાર માટે ગાઈડલાઈન જારી કરી છે. એનએચઆરસીએ નોટિસમાં આવા ૯૭ કાયદાનો બ્યોરા આપ્યો છે, જેના પ્રાવધાનોને રક્તપિત્ત પીડિત સાથે ભેદભાવ કરવા વાળા જણાવ્યા છે. આયોગે આ પ્રાવધાનોને હટાવવાની માંગ કરી છે.

માનવ અધિકાર પંચ દ્વારા જારી કરાયેલા નિવેદનમાં કેન્દ્ર અને રાજ્ય સરકારોને રક્તપિત્તથી પીડિત લોકોની સમયસર ઓળખ કરવા, સારવાર કરવા અને આવા લોકો સામે ભેદભાવ સમાપ્ત કરવા માટે કહેવામાં આવ્યું છે. એડવાઈઝરીમાં, નિવૃત્ત જસ્ટિસ અરુણ કુમાર મિશ્રાની આગેવાની હેઠળના પંચે સરકારને રક્તપિત્ત પીડિતો માટે વપરાતા અપમાનજનક શબ્દોને બદલવા માટે કાયદો લાવવા અંગે વિચારણા કરવાની પણ સલાહ આપી છે.





કમિશને કહ્યું કે રક્તપિત્ત સંપૂર્ણપણે સાધ્ય છે તે અંગે જાગૃતિ કેળવવી જોઈએ. રક્તપિત્તથી પીડિત વ્યક્તિ MDT નો પ્રથમ ડોઝ મેળવ્યા પછી હવે ચેપી નથી. આવી વ્યક્તિ સામાન્ય પરિણીત જીવન જીવી શકે છે, બાળકો પેદા કરી શકે છે, સામાજિક કાર્યક્રમોમાં ભાગ લઈ શકે છે અને શાળા-કોલેજમાં સામાન્ય રીતે જઈ શકે છે. કમિશને કહ્યું કે તે પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયા, પાયાના સ્તરના કાર્યકર્તાઓ અને નાગરિક સમાજના સંગઠનોને સંડોવતા જાગરૂકતા કાર્યક્રમોનું આયોજન કરવા કહે છે. એડવાઈઝરીમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે જાગૃતિ કાર્યક્રમોએ એ વાત પર પણ ભાર મૂકવો જોઈએ કે રક્તપિત્તથી પ્રભાવિત વ્યક્તિઓને કોઈ વિશેષ ક્લિનિક અથવા હોસ્પિટલ અથવા સેનેટોરિયમમાં મોકલવાની જરૂર નથી અને તેમને પરિવારના સભ્યો અથવા સમુદાયથી અલગ ન રાખવા જોઈએ. તેમણે કહ્યું કે દેશના યુવાનોમાં સંવેદનશીલતા વધારવા માટે તેને શાળાના અભ્યાસક્રમમાં સામેલ કરવી જોઈએ. કમિશનની અન્ય ભલામણોમાં એ પણ સામેલ છે કે રક્તપિત્તથી અસરગ્રસ્ત વ્યક્તિઓને બીપીએલ કાર્ડ, આધાર કાર્ડ, જોબ કાર્ડ અને અન્ય ઓળખ પ્રમાણપત્રો અગ્રતાના ધોરણે પૂરા પાડવામાં આવે જેથી આવા વ્યકતિઓને સરકાર દ્વારા ચલાવવામાં આવતી કલ્યાણકારી યોજનાઓનો જેવી કે પ્રધાનમંત્રી આવાસ યોજના, મનરેગાનો લાભ મળે શકે.તેમાં કહેવામાં આવ્યું છે કે દરેક રક્તપિત્ત અસરગ્રસ્ત રાજ્ય, કેન્દ્રશાસિત પ્રદેશના મુખ્ય સચિવો અને કેન્દ્ર સરકારના સંબંધિત મંત્રાલયોના પ્રભારી સચિવોએ રાજ્ય, દેશમાં રક્તપિત્તથી પ્રભાવિત વ્યક્તિઓની સંખ્યા અને પ્રયાસોની નિયમિત અંતરાલ પર સમીક્ષા કરવી જોઈએ.

## ભારતમાં કોરોનાના છેલ્લા ૨૪ કલાકમાં ૨.૩૮ લાખ કેસ નોંધાયા

નવીદિલ્હી,

ભારતમાં કોરોના વાયરસથી સંક્રમિતોની સંખ્યા દિવસેને દિવસે વધી રહી છે. જો કે, છેલ્લા ૨૪ કલાકમાં નવા કોરોના દર્દીઓ મળવાની ગતિ થોડી ધીમી પડી છે. આરોગ્ય મંત્રાલયે મંગળવારના રોજ જણાવ્યું હતું કે, છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં ૨,૩૮,૦૧૮ કેસ નોંધાયા છે, જે એક દિવસ પહેલા કરતા ૨૦,૦૭૧ ઓછા છે. તેમજ રવિવારના રોજ ૧,૫૭,૪૨૧ લોકો સાજા થયા હતા અને ૩૧૦ લોકોના મોત થયા હતા. ૧૭ લાખથી વધુ એક્ટિવ કેસ ચિંતાની વાત એ છે કે, ભારત હવે એવા ૧૦ દેશોમાં શામેલ છે, જ્યાં સૌથી વધુ સક્રિય કોરોના દર્દીઓ છે.




ભારતીય આરોગ્ય મંત્રાલયે સ્વીકાર્યું છે કે, હાલમાં ૧૭,૩૬,૬૨૮સક્રિય દર્દીઓ છે. આ સિવાય કોરોના વાયરસના નવા પ્રકાર ઓમિક્રોનના કુલ ૮,૮૯૧ કેસ નોંધાયા છે. જેમાં રવિવારના રોજ ૮.૩૧ ટકાનો વધારો જોવા મળ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા કહેવામાં આવ્યું છે કે, દૈનિક કોવિડ પોઝિટિવિટી રેટ ૧૪.૪૩ ટકા છે.સ્વાસ્થ્ય મંત્રાલયના એક અધિકારીએ જણાવ્યું કે, દેશમાં અત્યાર સુધીમાં ઓમિક્રોનના ૮,૮૯૧ સંક્રમિત લોકો મળી આવ્યા છે. જો આ સંખ્યા જોવામાં આવે તો તે સ્પષ્ટ છેકે, આપણા દેશમાં ઓમિક્રોનનો પ્રકોપ અન્ય દેશોની તુલનામાં ખૂબ ઓછો છે.

અત્યાર સુધીમાં ૧૫૦ કરોડથી વધુ ડોઝ અપાયા કોરોના રસીકરણની વાત કરીએ તો, દેશભરમાં અત્યાર સુધીમાં કુલ ૧૫૮.૦૪ કરોડ રસીના ડોઝ લોકોને આપવામાં આવ્યા છે. અહીં દરરોજ લાખો લોકોને ડોઝ કરવામાંઆવે છે. જો કે, રસી લીધેલા લોકોને પણ કોરોના થઈ રહ્યો છે. આંધ્રપ્રદેશના પૂર્વ સીએમ અને તેલુગુ દેશમ પાર્ટીના નેતા એન ચંદ્રબાબુ નાયડુ કોરોનાથીસંક્રમિત હોવાનું જાણવા મળ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં મુંબઈમાં ૩૫ પોલીસકર્મીઓ કોવિડ ૧૯ પોઝિટિવ આવ્યા છે, મુંબઈ પોલીસમાં સક્રિય કેસની કુલસંખ્યા હવે ૧,૩૪૧ છે. જમ્મુ અને કાશ્મીરના પુલવામામાં કોવિડ ૧૯ ટેસ્ટિંગની પ્રથમ લેબ ખોલાઈ ઉત્તરપૂર્વીય ભારતીય રાજ્ય આસામમાં ગઈકાલે કોરોના વાયરસના ૬,૯૮૨ નવા કેસ નોંધાયા હતા, ૨,૨૮૧ દર્દીઓને રજા આપવામાં આવી હતી અને ૧૧ લોકોનાકોરોનાને કારણે મૃત્યુ થયા હતા.

આવી જ રીતે જમ્મુ-કાશ્મીરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨,૮૨૭ નવા કેસ નોંધાયા છે. જેમાંથી ૧૦૯૩ જમ્મુમાંથી અને ૧૭૩૪ કાશ્મીરમાંથી છે. છજ્ઞજ હ્મઅ કહેવામાં આવી રહ્યું છે કે, જમ્મુ-કાશ્મીરમાં હવે ૧૭,૯૨૮ એક્ટિવ કેસ છે. એવી પણ માહિતી છે કે, જમ્મુ-કાશ્મીરના પુલવામામાં કોવિડ ૧૯ ટેસ્ટિંગની પ્રથમ લેબ ખોલવામાંઆવી છે. ડૉક્ટર્સનું કહેવું છે કે, આનાથી અહીંના સામાન્ય માણસને ઘણો ફાયદો થશે.

## વિશ્વબજારમાં ક્રૂડતેલ સાત મહિનાની ટોચે : પેટ્રોલ-ડિઝલમાં ભાવવધારાનાં ભણકારા

નવીદિલ્હી,

ભારતમાં ગત વર્ષે પેટ્રોલ-ડિઝલમાં બેફામ ભાવવધારો થયા બાદ દિવાળીથી તેમાં કોઈ બદલાવ કરવામાં આવ્યો નથી. પરંતુ તેમાં ફરી ભડકો થવાના ભણકારા છે. વિશ્વબજારમાં ક્રૂડતેલ ૮૫ ડોલરને આંબી જવા સાથે સાત મહિનાની ટોચે પહોંચી ગયું છે. આ સંજોગોના ઘરઆંગણે ભાવ વધી શકે છે. જો કે, પાંચ રાજયોમાં વિધાનસભા, ચૂંટણીને કારણે સરકાર ભાવમાં બદલાવ કરે છે કે કેમ તે સામે સવાલ છે. આંતરરાષ્ટ્રીય સ્તરે નવા-નવા ઘટનાક્રમો વચ્ચે ક્રૂડ તેલની તેજીને જોર મળ્યું છે. અમેરિકામાં બરફના તોફાનને કારણે ક્રૂડતેલનું ઉત્પાદન પ્રભાવિત થયું છે. ચીનનો આર્થિક વિકાસ દર વધવા લાગ્યો છે. પરિણામે ક્રૂડની ડીમાંડ વધવાના આશાવાદથી તેજીને મજબુત ટેકો મળી ગયો છે. અબુધાબી એરપોર્ટ નજીક આતંકી હુમલાને કારણે પણ ભાવ ઉછાળ્યા હતા. આતંકી કૃત્ય પડકારરુપ બની શકે તેમ હોવાથી ક્રૂડતેલનાં ઉત્પાદન પર પ્રભાવ પડવાની આશંકા વ્યક્ત થઈ રહી છે. નિષ્ણાંતોના કહેવા પ્રમાણે વિશ્વબજારમાં ક્રૂડતેલની કિમત ૯૦ ડોલર સુધી પહોંચી શકે છે અને તેની અસર ભારતીય માર્કેટમાં પણ થઈ શકે છે. ઘરઆંગણે પેટ્રોલ તથા ડીઝલમાં બેથી ત્રણ રુપિયાનો ભાવવધારો થવાના ભણકારા છે. સોમવારે લંડનમાં ક્રૂડ ૮૬.૧૩ ડોલર થયું હતું. અમેરિકી ક્રૂડ ૮૪.૦૮ ડોલર થયું હતું. આંતરરાષ્ટ્રીય સ્તરે ભાવ સાત મહિનાની ટોચે પહોંચ્યા છે. વિશ્વબજારમાં કોરોનાની મહાલહેર છતાં વેપારધંધા કે અર્થતંત્ર પ્રભાવિત થયા ન હોવાથી ઈંધણની ડીમાંડ ઘટવાની આશંકા દૂર થઈ છે. એટલે ક્રૂડતેલનાં ભાવના ટ્રેન્ડમાં કોઈ બદલાવ નથી.

ક્રૂડ તેલની કિંમત કે ટ્રેન્ડમાં કોઈ ફેરફાર ન હોવા છતાં રીટેઈલ વેચાણમાં ઘટાડો થયો છે. ૧ થી ૧૫ જાન્યુઆરીના પખવાડિયામાં ગત વર્ષના સમયગાળા કરતાં ડીઝલનું વેચાણ ૧૪.૧ ટકા ઘટીને ૨૪.૭ લાખ ટન નોંધાયું છે.

નિષ્ણાંતોનું જો કે એવું કથન છે કે ઘરઆંગણે પેટ્રોલ-ડિઝલ મોંઘા થવાના ભણકારા છતાં રાજકીય નુકશાન રોકવા સરકાર હાલ તૂર્ત ભાવવધારો કરે તેમ નથી. પશ્ચિમ બંગાળની ચૂંટણી વખતે પણ ભાવવધારો સ્થગિત રાખ્યો હતો અને ત્યારબાદ એકધારો બેફામ ભાવવધારો કર્યો હતો.

## કેન્દ્ર સરકાર સ્વાસ્થ્ય બજેટમાં ૫૦ ટકાથી વધુનો વધારો કરી શકે છે

નવીદિલ્હી,

૧ ફેબ્રુઆરીએ નાણામંત્રી નિર્મલા સીતારમણ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે કેન્દ્ર સરકારનું બજેટ રજૂ કરશે. મોદી સરકારના બીજા કાર્યકાળનું આ ચોથું બજેટ હશે. આવનારા બજેટને લઈને તમામ ક્ષેત્રોની પોતાની અપેક્ષાઓ છે. કોરોના મહામારી દરમિયાન હેલ્થકેર સેક્ટર ખૂબ જ મહત્વપૂર્ણ બની જાય છે. આવી સ્થિતિમાં બજેટમાં હેલ્થકેર સેક્ટર પર વિશેષ ધ્યાન અપાય તેવી અપેક્ષા છે. એક રિપોર્ટ અનુસાર આ વખતે હેલ્થ ઈન્ફ્રાનું બજેટ વધી શકે છે. રિપોર્ટ અનુસાર, આ વખતે નાણામંત્રી નિર્મલા સીતારમણનું સૌથી મોટું ફોકસ એ રહેશે કે દેશમાં હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને કેવી રીતે આધુનિક બનાવવામાં આવે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે કોરોના મહામારી દરમિયાન કેન્દ્ર સરકાર સ્વાસ્થ્ય બજેટમાં ૫૦ ટકાથી વધુનો વધારો કરી શકે છે. છેલ્લા બજેટમાં આરોગ્ય ક્ષેત્ર માટે ૨.૩૮ લાખ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી હતી. પરંતુ આ વખતે તેમાં મોટો ઉછાળો જોવા મળી શકે છે. આ સિવાય રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે છેલ્લા બજેટમાં કોવિડ-૧૯ સામે લડવા માટે ફાળવવામાં આવેલા ફંડમાં પણ મોટો વધારો થવાની આશા છે. છેલ્લા બજેટની વાત કરીએ તો તેમાં નાણામંત્રી સીતારમણે રસીના ઉત્પાદન માટે ૧૪,૦૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા હતા. પરંતુ આ વખતે તેમાં પણ મોટો વધારો જોવા મળી શકે છે. આ વખતે રસીના વિસ્તરણ પર વિશેષ ધ્યાન આપવાની અપેક્ષા છે.

રિપોર્ટ અનુસાર, આ સિવાય કેન્દ્ર સરકારની યોજનાઓને જમીન પર લાગુ કરવા માટે રાજ્યોને આપવામાં



આવતી રકમમાં પણ ૩૦ ટકા સુધીનો વધારો જોવા મળી શકે છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે સરકારની પાછળનો હેતુ એ છે કે રાજ્યોની સરકારોને કોરોના મહામારીનો સામનો કરવા માટે કેન્દ્ર સરકારની યોજનાઓને લાગુ કરવામાં કોઈ મુશ્કેલી ન આવે. આ સાથે, આયુષ્માન ભારત દ્વારા, નાણામંત્રીનો સમગ્ર મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ડિજીટલ કરવાનો પ્રયાસ રહેશે, જેથી લોકોને સુવિધા મળી શકે અને કોરોના મહામારી દરમિયાન કોઈ સમસ્યાનો સામનો ન કરવો પડે.

તમને જણાવી દઈએ કે સીઆઈઆઈના પ્રમુખે બજેટમાં સ્વાસ્થ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ અને સુધારણા પર વધુ ધ્યાન આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. તેમણે કહ્યું હતું કે તબીબી સારવાર માટેનો ખર્ચ હજુ પણ વધારે છે. તેમણે કહ્યું કે લોકોએ નોકરી ગુમાવી છે. તેથી, આવકમાં ઘટાડો થયો છે અને બીજી બાજુ, આરોગ્ય સંબંધિત ખર્ચમાં વધારો થયો છે. સરકારે હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ કરવાનું ચાલુ રાખવું જોઈએ. આજે તે જીડીપીના ૧.૩ ટકા છે, પરંતુ આપણે તેને ૩ ટકાની નજીક લઈ જવું પડશે, જેથી હેલ્થકેર પરના ઊંચા ખર્ચને ઘટાડી શકાય. તેમણે કહ્યું કે આપણે સ્વાસ્થ્ય માળખામાં સુધારો કરવાની જરૂર છે. દેશભરમાં પાયાની હેલ્થકેર ઉપલબ્ધ કરાવવી જોઈએ અને સરકારે તેના માટે નાણાં ફાળવવાની જરૂર છે.

## અફઘાનિસ્તાનમાં ૫.૬ની તીવ્રતાનો ભૂકંપ, ૧૬ લોકોના મોત

કાબુલ,

અફઘાનિસ્તાનમાં ફરી એકવાર ભૂકંપના આંચકા અનુભવાયા છે. અફઘાનિસ્તાનના પશ્ચિમી પ્રાંત બદગીસમાં સોમવારે આવેલા ભૂકંપમાં ઓછામાં ઓછા ૧૬ લોકોના મોત થયા છે. ઘણા લોકો ઘાયલ હોવાનું કહેવાય છે. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૫.૬ હતી. સ્થાનિક અધિકારીએ આ જાણકારી આપી છે મળતી માહિતી મુજબ પશ્ચિમી પ્રાંત બદગીસમાં બપોરે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપના જોરદાર આંચકાથી અનેક મકાનોને નુકસાન થયું હતું. કહેવામાં આવી રહ્યું છે કે મૃતકોની સંખ્યા વધી શકે છે.

આ પહેલા શુક્રવારે રાત્રે અફઘાનિસ્તાનના ફૈઝાબાદ નજીક ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. જો કે, તે સમયે કોઈ જાન-માલના નુકસાનના સમાચાર મળ્યા ન હતા. ત્યારબાદ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૩ માપવામાં આવી હતી. શુક્રવારે આવેલા ભૂકંપનું કેન્દ્ર અફઘાનિસ્તાનના ફૈઝાબાદથી ૧૧૭ કિમી દક્ષિણપૂર્વમાં હતું.

## વૈશ્વિક બેરોજગારી ચાલુ વર્ષે ૨૦.૭ કરોડ પર પહોંચશે

નવીદિલ્હી,

ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશનના અંદાજ મુજબ ૨૦૨૨માં વૈશ્વિક બેરોજગારી ૨૦.૭ કરોડ પર પહોંચશે. આ આંકડો કોરોનાના રોગચાળા પહેલાના ૨૦૧૯ના આંકડા કરતાં ૨.૧ કરોડ વધારે છે. જો કે ૨૦૨૨ દરમિયાન કામકાજનો કુલ સમય કોરોના પૂર્વેના સમયગાળા કરતાં બે ટકા ઓછો રહેશે અથવા તો તેની તુલના ૫.૨ કરોડ ફુલટાઈમ કામકાજ સાથે કરી શકાય. વર્લ્ડ એમ્પ્લોયમેન્ટ એન્ડ સોશિયલ આઉટલૂકે જારી કરેલા અહેવાલ મુજબ જુન ૨૦૨૧માં અંદાજ મૂકવામાં આવ્યો ત્યારે કામકાજના સમયગાળાની ઘટ એક ટકા રહેવાનો અંદાજ હતો. પણ રોગચાળો નવેસરથી ફાટી નીકળવાના લીધે માંડ-માંડ ઠરીઠામ થયેલું જીવન અસ્તવ્યસ્ત થવા માંડયુ છે. આના લીધે કેટલાય પ્રાંતો, વિસ્તારો અને દેશોમાં શરૂ થયેલી રિકવરી પાછી ધકેલાઈ શકે છે. આઈએલઓ મુજબ સમૃદ્ધ અર્થતંત્રોની તુલનાએ નીચી અને મધ્યમ આવકવાળા દેશોમાં રિકવરી અને રોજગારવૃદ્ધિનો ટ્રેન્ડ ઘણો નીચો છે. તેનું કારણ મહદ અંશે રસીકરણનો નીચો દર અને ચુસ્ત રાજકોષીય નિયંત્રણો છે. આઈએલઓના જણાવ્યા મુજબ વિકાસશીલ દેશો પર આ પરિસ્થિતિની વ્યાપક અસર પડશે. તેના લીધે આર્થિક અસમાનતા વધશે. કામકાજના સ્થળે સ્થિતિ વધુ બગડશે અને રોગચાળા પૂર્વેની નબળી સામાજિક સંરક્ષણ વ્યવસ્થા વધુ નબળી પડશે. બધા વિસ્તારો માટે ૨૦૨૩ના અંદાજ સૂચવે છે કે સંપૂર્ણ રીકવરી હજી પણ ભ્રામક છે. દરેક પ્રાંત તેના લેબર માર્કેટે રિકવરીમાં ડાઉનસાઈડ જોખમ અનુભવી રહ્યો છે.

### દેવગઢબારીઆના મે.સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.દેવગઢબારીઆ

નં.જન્મ મરણ/અ.નં.૧૩૪/વશી/૧૧૬/૨૦૨૨

અરજદાર : સતીષચંદ્ર ગાંડાલાલ ગાંધી,

રહે :– કન્યાશાળા રોડ, દેવ.બારીઆ, તા.દેવગઢબારીઆ

વિરૂદ્ધ

સામાવાળા : જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલીકા,દેવ.બારીઆ.

: જાહેર નોટીસ :

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિત સબંધ ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, સદર હુ બાબતના અરજદારશ્રી, સતીષચંદ્ર ગાંડાલાલ ગાંધી એ તેઓના બહેનની પૌત્રી જરના સુભાષ મહેતા નો જન્મ તા.૦૯/૦૯/૧૯૮૩ ના રોજ દેવ.બારીઆ, તા.દેવ.બારીઆ જી.દાહોદ ખાતે થયેલ તેવુ અમારી સમક્ષ જાહેર કરી અરજદારે તેઓના બહેનની પૌત્રીના જન્મની નોંધ સામાવાળાના જન્મ/મરણ રજીસ્ટરે નોંધણી કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. વાસ્તે સદર હુ અરજદારની અરજી સામે જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દીન–૩૦ (ત્રીસ) માં અત્રેની કોર્ટમાં રજુ કરવા. જો નિયત મુદત દરમ્યાન કોઈ વાંધો તકરાર રજુ નહી કરવામાં આવે તો આ કોર્ટ સદર અરજી અંગે નિયમોનુસાર આગળની કાર્યવાહી કરશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૮ મી જાન્યુઆરી, સને ૨૦૨૨ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
દેવગઢ બારીઆ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

એ. એસ. ખડપાવાલા

મુ. ખડપા, તા. ઘોઘંબા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

જે. બી. હરીજન

મુ. વાવ, તા. ઘોઘંબા

# મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## સંતરામપુર તાલુકાના બાબરોલ ગામે માલિકીની જગ્યામાં અજાણ્યા વ્યકિતઓએ રોડ ખોદી નાખતાં માલિક દ્વારા ઉચ્ચકક્ષાએ રજૂઆત


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર તાલુકાના બાબરોલ ગામે જમીનના માલિક સર્વે નંબર ૩૪૮ પૈકી ૩૪ અને ૧૦૮ મુજબની માલિકની સર્વે નંબરમાં અમલીયાર ધુળાભાઈ રૂમાલભાઈ ઉચ્ચકક્ષાએ લેખિતમાં રજૂઆત કરી હતી. ઘણા સમયથી પોતાની માલિકીની અંદર ખોદકામ કરી મુકતા મકાન માલિકને એના ઘરે ઘર આંગણેથી પસાર થવા માટે ઘણું અઘરૂં બનતું હોય છે. રોજિંદા પશુઓને લઈ જવા માટે અને દરેક કામગીરીમાં અવરજવર કરવા માટે ભારે હાલાકી ભોગવવી પડતી હોય છે. રાત્રિના સમયે ઘરની બહાર નીકળવા માટે ભારે મુશ્કેલી પડતી હોય છે. ઘરની આંગણેજ મોટા મોટા ખાડા ખોદીને ભારે મુશ્કેલી ઉભી કરી હતી. મંદિરે જવા માટે દૂધની ડેરી જવામાટે અન્ય કામગીરી જવા માટે આ પરિવારને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. અજાણ્યા વ્યકિત આવીને ઘરઆંગણે જ રસ્તો ખોદી નાખતાં હેરાનગતિ વધી રહી હતી. ત્યારે જમીનના માલિકે આંબલીયા ધુળાભાઈ રૂમાલભાઈ ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી હતી.

## મહિસાગર આદિવાસી વિકાસ મંડળની બેઠકમાં પેટર્ન યોજનાના નવા કામોને બહાલી અપાઈ

લુણાવાડા, સરસ્વતી હોલ ગાંધીનગર ખાતેથી વીડિયો કોન્ફરન્સના માદયમથી ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના મંત્રી અને જિલ્લા પ્રભારીમંત્રી અર્જુનસિંહ ઉદેસિંહ ચૌહાણની અદયક્ષતામાં તેમજ ધારાસભ્ય ડો.કુબેરભાઈ ડીંડોરની વર્ચ્યુઅલી ઉપસ્થિતિમાં ગુજરાત પેટર્ન યોજનાના આયોજન અને મહિસાગર જિલ્લા આદિજાતી વિકાસ મંડળની બેઠક યોજવામાં આવી હતી.

મહિસાગર જિલ્લા કલેકટર કચેરી વીસી હોલ લુણાવાડા ખાતે આ બેઠકમા લુણાવાડા ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવક તથા જિલ્લા કલેકટર ડૉ.મનીશકુમાર, સહિત અધિકારીઓની ઉપસ્થિતિમાં ગુજરાત પેટર્ન યોજના-૨૦૨૧/૨૦૨૨ના વર્ષના કામોને બહાલી આપી હતી. આ બેઠકમાં ગુજરાત પેટર્ન યોજના વર્ષ-૨૦૨૧/૨૦૨૨ના વર્ષનુ કુલ રૂ.૧૬૨૬ લાખની જોગવાઈ સામે ૧૭૭૦ લાખનુ આનયોજન ૧૦૮.૬ ટકા કામોને બહાલી આપવામાં આવી હતી. આ પ્રસંગે મંત્રી અર્જુનસિંહ ચૌહાણે જણાવ્યુ હતુ કે, આ યોજના હેઠળ ફાળવેલ ગ્રાન્ટના કામો સમય મર્યાદામાં પુર્ણ કરવા અમલીકરણ અધિકારીઓને સુચના આપી હતી.

## વિરપુરના બાર ડેરી સામે પેટ્રોલના છુટા પૈસા બાબતે મારામારી

વિરપુર, મહિસાગર જિલ્લાના વિરપુરના બાર ડેરી સામેના રોડની બાજુમાં પેટ્રોલના છુટા પૈસા અંગે ઝઘડાના બનાવમાં થયેલ બોલચાલી ઉગ્ર બનતા વાત મારામારીમાં પરીણમી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર વિરપુરના બારટીંબા ભાગમાં રહેતા પ્રભાતભાઈના કાકાનો દિકરો રાકેશભાઈ દુધ ભરાવવા માટે આવ્યો હતો. દુધ ભરી ગાડીમાં પેટ્રોલ ભરાવવા માટે પેટ્રોલના પૈસા અંગે દુકાનદાર લાલાભાઈએ ગમે તેમ ગાળો ભાંડી હતી. વળી વિક્રમભાઈ નજીકમાંથી ડંડલલાઈ આવી રાકેશભાઈના કપાળે મારતા ગંભીર ઈજાઓ પહોંચી હતી. એટલાથી ન અટકતા જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. અભેસિંહએ લાલાભાઈ પુજાભાઈ પરમાર અને વિક્રમભાઈ લાલાભાઈ પરમાર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી જયારે વિરપુર પોલીસે આ અંગે ગુનો નોંધી આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

## દાહોદ જિલ્લામાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી પ્રસંગે રમતવીરોનું સન્માન કરાશે

દાહોદ, દાહોદ જિલ્લામાં આગામી પ્રજાસત્તાક પર્વની ઉજવણીના અવસરે જિલ્લામાં આંતરરાષ્ટ્રીય-રાષ્ટ્રીય તેમજ રાજ્ય સ્તરે ઉચ્ચ પ્રદર્શન કરનાર રમતવીરોનું સન્માન કરવામાં આવશે. જેમાં શુટીંગ, હોકી, કબડ્ડી, આર્ચરી જેવી સ્પર્ધાઓમાં સિદ્ધિ હાંસલ કરનારા ખેલાડીઓનું સન્માન કરાશે.


જિલ્લા રમત ગમત અધિકારી વિરલ ચૌધરીએ આપેલી માહિતી મુજબ, સેન્ટ મેરી સ્કુલ, દાહોદનાં ચેશા કોટ્રાક્ટરને શુટિંગ સ્પર્ધામાં અમેરિકામાં યોજાયેલી જુનીયર વલ્ડ ચેમ્પીયનશીપમાં બીજું સ્થાન મેળવવા માટે, એસઆર સ્કુલ દેવગઢ બારીયાના રાજા ભરવાડને હોકીની સ્પર્ધામાં રાજ્યકક્ષાએ સ્થાન મેળવી, દિલ્હી ખાતેની સ્પર્ધામાં સ્થાન મેળવવા માટે, તેમજ આ જ શાળાના મલેશ્વરી પટેલ અને સંજય પરમારને આર્ચરી સ્પર્ધા માટે, દાહોદની સરસ્વતી માધ્યમિક શાળાના અજીત ડામોરને કબડ્ડીમાં શાળાકીય રાજ્ય કક્ષાની સ્પર્ધામાં દ્વિતીય સ્થાન મેળવવા માટે પ્રજાસત્તાક પર્વના દિને સન્માન કરવામાં આવશે.


દાહોદ જેકોટ ગામે એક ખાનગી એમ્બ્યુલન્સ અમદાવાદથી દર્દીને મૂકી પરત દાહોદ તરફ ફરતી હતી. તે દરમિયાન રાત્રિના સમયે એક અજાણી ગાડીએ તેને પાછળથી ટક્કર મારતા એમ્બ્યુલન્સનો સ્ટેરિંગ પર થી કાબુ બગડતાન એમ્બ્યુલન્સ રસ્તા વચ્ચે ડિવાઈડરમાં નીચે ગરનાળા માં પડી હતી. ઘટનામાં ચાલકને ઈજાઓ આવતા આસપાસના લોકોએ તેને સારવાર માટે ૧૦૮ બોલાવી તાત્કાલિક દાહોદ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. ઘટનામાં કોઈ જાનહાનિ ના થતા રાહત જોવા મળી હતી. જોકે, એમ્બ્યુલન્સનો અકસ્માત થતા વિસ્તારમાં ચિંતા સેવાઈ.

## ફતેપુરા અને સંજેલી તાલુકામાં ૧૧.૧૫ કરોડના રસ્તાના કામોને મંજુરી

સુખસર, ફતેપુરા અને સંજેલી તાલુકામાં વિકાસના કામો હેઠળ નવીન રસ્તાઓ માટે ધારાસભ્ય અને વિધાનસભાના દંડક રમેશભાઈ કટારાએ મંત્રી પુર્ણેશ મોદીને ભલામણ કરી હતી. જેમાં ૧૧.૧૫ કરોડના ખર્ચે ૧૫ નવીન રસ્તાઓને મંજુરી આપી હતી. ફતેપુરા અને સંજેલી તાલુકો વિવિધ ક્ષેત્રે વિકાસની કેડી તરફ આગળ વધી રહ્યો છે. ધારાસભ્ય રમેશભાઈ કટારા દ્વારા વિકાસના કામો કરવામાં આવી રહ્યા છે. જેમાં હાલમાં ૧૧.૧૫ કરોડના ખર્ચે ૧૫ નવીન રસ્તાઓને મંજુરી મળી હતી. માર્ગ અને મકાન વિભાગ દ્વારા પંચાયત હસ્તકના ફતેપુરા વિધાનસભાના ફતેપુરા અને સંજેલી તાલુકાના રસ્તાઓને મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ મંજુર કરી જોબ નંબર ફાળવવામાં આવ્યા હતા. માટી મેટલ, નાળા અને સ્ટ્રકચર સહિતના કામ કરવામાં આવશે. આ નવીન રસ્તાઓ મંજુર થતા પ્રજામાં આનંદ છવાયો હતો. અને દંડક રમેશભાઈ કટારાનો આભાર વ્યકત કર્યો હતો.

## વિધાનસભા ચૂંટણી ૨૦૨૨ : ગુજરાતમાંથી ૩૫ IAS IPS અધિકારીઓની ચૂંટણી નિરીક્ષક તરીકે પસંદગી



નવીદિલ્હી, ભારતનાં ચૂંટણી આયોગે ઉત્તર પ્રદેશ, પંજાબ, ઉત્તરાખંડ, ગોવા અને મણિપુરનાં પાંચ ચૂંટણીવાળાં રાજ્યોનાં ચૂંટણી નિરીક્ષકની ફરજો માટે ગુજરાત કેડરનાં ત્રણ ડઝન જેટલાં આઈએએસ અને આઈપીએસ અધિકારીઓની પસંદગી કરવામાં આવી છે. અધિકારીઓને સોંપાયેલ વિધાનસભા મતવિસ્તારની યાદી હજુ સુધી પ્રાપ્ત થઈ નથી જેની માટે તેઓ નિરીક્ષક હશે. જો કે, આ અધિકારીઓની લગભગ એક મહીનાની ચૂંટણી ડ્યુટી એ પાંચ રાજ્યોમાંથી કોઈ પણ એકમાં હશે કે જ્યાં ચૂંટણી યોજાઈ રહી છે.

જે આઈએએસ અધિકારીઓનાં નામ ચૂંટણી નિરીક્ષકનાં પદ પર છે તેમાં રાજેશ માંઝુ, એસ.કે મોદી, સ્વરૂપ પી, કે.એન શાહ, ડીડી જાડેજા, દિલીપ રાણા, રતનકંવર ગઢવીચારણ, વિશાલ ગુપ્તા, પ્રભાવ જોષી, શાહમીના હુસૈન, ધનંજય દ્વિવેદી, એમ થેનારસન અને રાહુલનો સમાવેશ થાય છે. ગુપ્તા, અજય પ્રકાશ, કે.રાજેશ, પ્રવીણ ચૌધરી, ડીએન મોદી, ડીએચ શાહ, આશિષ કુમાર, અશ્વિની કુમાર, મોહમ્મદ શાહિદ, આલોક પાંડે, એસ મુરલી કૃષ્ણા, કિરણ ઝવેરી અને આર.કે મહેતાનો સમાવેશ થાય છે.

જે આઈપીએસ અધિકારીઓને ડ્યુટી પર તૈનાત કરવામાં આવશે તેમાં ખુરશીદ અહમદ, પ્રફુલ રોશન, અનિલ પ્રથમ, અમિત વિશ્વકર્મા, અજય ચૌધરી, વબાંગ જમીર, અર્ચના શિવહરે, ટીએ, બિષ્ટ, આર.બી બ્રહ્મભટ્ટ અને રાજુ ભાર્ગવ પણ સામેલ છે. રાજ્ય સામાન્ય પ્રશાસન વિભાગ (જીએડી) અને રાજયનાં ગૃહવિભાગ ચરણબદ્ધ રીતે પ્રભાર વ્યવસ્થાની જાહેરાત કરી શકે છે. જો કે કેટલાંક અધિકારીઓએ વ્યકિતગત કારણો ટાંકી ચૂંટણી નિરીક્ષકની ફરજમાંથી મુકિતની વિનંતી કરી છે.

## દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના માંન્લી ગામેથી ઘરના આંગણે લોક મારી પાર્ક કરેલ મોટરસાઈકલની ઉઠાંતરી

દાહોદ, ગત તા.૦૭મી જાન્યુઆરીના રોજ માન્લી ગામે ખોખરા ફળિયામાં રહેતાં જગદીશભાઈ નરપતભાઈ પટેલે પોતાની મોટરસાઈકલ પોતાના ઘરના આંગણે લોક મારી પાર્ક કરી હતી. આ મોટરસાઈકલને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે જગદીશભાઈ નરપતભાઈ પટેલે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ઈન્દ્રિય સંયમ જ મોક્ષનું દ્વાર છે..


સુમિત્રાબેન ડી.પરમાર (નિરંકારી)

જીવના કલ્યાણનું સાધન છે : તપ..અને તેનું મૂળ છે : શમ(મનોનિગ્રહ) તથા દમ (ઈન્દ્રિષય સંયમ).મનુષ્યં મનવાંછિત જે જે પદાર્થોને મેળવવા ઈચ્છે છે તે તમામને તે તપ દ્વારા પ્રાપ્તધ કરી લે છે.તપનો અર્થ છેઃઈન્દ્રિયોનો નિગ્રહ.ચિત તથા ઈન્દ્રિતયોને જગતની તરફથી ખેંચીને પરમાત્માની તરફ લગાવવાનું નામ તપ છે. બુધ્ધિરમાન તથા ધીર મનુષ્યિએ બુધ્ધિજને પોતાના વશમાં કરવી, પછી બુધ્ધિાના દ્વારા મનને અને મનના દ્વારા પોતાની ઈન્દ્રિાયોને વિષયોની તરફથી રોકીને પોતાના આધીન કરવી. શુધ્ધઅ મન જ જીવાત્મા ને બ્રહ્માભિમુખી કરે છે અને સંસાર સાગરથી તેનો ઉધ્ધાપર કરે છે.આમ, જેને ઈન્દ્રિયોને વશમાં કરીને મનને પોતાના વશમાં કરી લીધું છે, આ અવસ્થાઉમાં મન ઈશ્વરની તરફ પ્રવૃત થાય છે. ઈન્દ્રિયોના વિષયોનો પાર પામવો કઠિન છે.જે મનુષ્યપ તેમાં આસકત થાય છે તે દુઃખ ભોગવતો રહે છે અને જે તેનામાં આસક્ત થતો નથી તે પરમગતિને પ્રાપ્તત થાય છે.

જેનું મન ઈન્દ્રિજયોના વશમાં હોય છે તે મનુષ્યમ વિવેક શકિત ખોઈ બેસે છે અને પોતાને કામ,ક્રોધ વગેરે શત્રુઓના હાથમાં સોંપીને અધોગતિ પ્રાપ્ત કરે છે,એટલે તમામ પ્રકારના સંકલ્પોથનો નાશ કરીને ચિત્તને શુક્ષ્મત બુધ્ધિસમાં લીન કરવું.કામ,ક્રોધ,લોભ,મોહ,મત્સધર,મદ અને મત્સનર..આ મનમાં નિત્યર રહેવાવાળા શત્રુઓ છે,આને જે વશમાં કરી લે છે તે જીતેન્દ્રિ ય પુરૂષ પાપમાં લિપ્ત થતો નથી. દયોન, અદયઆયન, દાન, સત્યદ, લાજ, સરળતા, ક્ષમા, અંદર બહારની પવિત્રતા, આહાર શુધ્ધિં અને ઈન્દ્રિનયોનો સંયમ..આ યોગનાં સાધન છે.વિધા, તપ, ઈન્દ્રિ ય નિગ્રહ અને લોભ ત્યા ગ..આ શાંતિ પ્રાપ્તિના ઉપાય છે.કામ સંકલ્પથી ઉત્પન્ની થાય છે,તેનું સેવન કરવામાં આવે તો તે વધે છે અને જયારે બુધ્ધિના દ્વારા પુરૂષ તેનાથી વિરક્ત બની જાય છે ત્યીરે તે કામ તત્કારળ નષ્ટ્રા થઈ જાય છે.વૈરાગ્યાથી મનુષ્યતને આત્મબતત્વયની જીજ્ઞાસા થાય છે. જીજ્ઞાસાથી શાસ્ત્રો ના અદયાયનમાં મન લાગે છે.

મન અતિ ચંચળ છે અને વિષયોની તરફ દોડતું રહે છે,તેના ઉપર સતત નજર રાખીને જયારે જયારે તે સાંસારીક પ્રપંચની તરફ જાય ત્યાનરે તેને ત્યાંીથી હટાવીને પ્રભુ પરમાત્મામના ચિંતનમાં લગાડવું જોઈએ.વિષયોનું ચિંતન કરવાથી વિષયોમાં આસકિત થઈ જાય છે, આસકિતના કારણે જીવ પ્રભુ પરમાત્માયથી વિમુખ બની જાય છે. મનને વશીભૂત કરવાનો ઉપાય બતાવતાં ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહે છે કેઃઆ મન ઘણું ચંચળ છે તેમજ મુશ્કેઉલીથી વશ થનારૂં છે,આ તારૂં કહેવું બરાબર છે છતાંપણ અભ્યા સ અને વૈરાગ્યજ વડે વશમાં થાય છે.મનને વારંવાર દયે,યમાં લગાડવાને અભ્યાહસ કહે છે.આ અભ્યાશસની સિધ્ધિ. નિરંતર સમય આપવાથી થાય છે. સમય પણ નિરંતર કાઢવો જોઈએ,દરરોજ કાઢવો જોઈએ.કયારેક અભ્યાસ કર્યો અને કયારેક ના કર્યો- આમ ન કરવું તથા પોતાના દયેસયમાં મહત્વછ અને આદર બુધ્ધિસ હોવાં જોઈએ.

અભ્યાકસના બે પ્રકાર છેઃ(૧) પોતાનું જે લક્ષ્યં કે દયે ય પરમાત્માયમાં છે તેમાં મનોવૃતિ લગાડવી અને બીજી વૃતિ આવી જાય એટલે કે બીજું કંઈપણ ચિંતન આવી જાય તેની ઉપેક્ષા કરી દેવી,તેનાથી ઉદાસિન થઈ જવું. (૨)જયાં જયાં મન ચાલ્યુંપ જાય ત્યાંદ ત્યાં પોતાના લક્ષ્યા(પરમાત્માછ)ને જ જોવા.

ઉપરોકત બે સાધનો સિવાય મન લગાડવાના બીજા કેટલાક ઉપાય છે.જેવા કે,પરમાત્મા તત્વ ને જાણીને તેમની સાથે સબંધ જોડીને નામનું સુમિરણ કરવું.જયારે આપણે દયોન કરવા બેસીએ ત્યેર સૌથી પહેલાં બે ચાર શ્વાસ બહાર કાઢીને એવી ભાવના કરવી કે મેં મનથી સંસારને સર્વથા કાઢી નાખ્યોહ છે, હવે મારૂં મન સંસારનું નહી,પરંતુ પરમાત્માનનું જ ચિંતન કરશે અને ચિંતનમાં જે કંઈ આવશે તે ભગવાનનું જ સ્વ્રુપ હશે

અભ્યાવસની સહાયતા માટે વૈરાગ્યર ની જરૂર પડે છે, કારણ કેઃ સંસારના ભોગોથી જેટલો રાગ હટશે તેટલું મન પરમાત્માહમાં લાગશે.વૈરાગ્યુ થવાના કેટલાક ઉપાયો છે.(૧) સંસાર પ્રતિક્ષણે બદલાય છે અને સ્વનરૂપ કયારેય અને કોઈપણ ક્ષણે બદલાતું નથી.આથી સંસાર આપણી સાથે નથી અને આપણે સંસારની સાથે નથી, આવો વિચાર કરવાથી સંસારથી વૈરાગ્યય થાય છે. (૨) પોતાના કહેવાવાળા જેટલા આપણા કુટુંબીઓ અને સબંધિઓ છે તેઓ આપણી પાસે અનુકૂળતાની ઈચ્છા. રાખતા હોય તો આપણી શકિત,સાર્મથ્યસ,યોગ્યવતા અને સમજ અનુસાર તેમની ન્યાાયયુક્ત ઈચ્છાવ પુરી કરી દેવી અને પરીશ્રમ કરીને તેમની સેવા કરવી,પરંતુ તેમની પાસેથી પોતાની અનુકૂળતાની તથા કંઈ લેવાની ઈચ્છાપનો ત્યાગ કરી દેવો,એથી સ્વામભાવિક જ વૈરાગ્યા થઈ જાય છે અને રાગ દૂર થાય છે.(૩) જેટલા પણ દોષ,પાપ અને દુઃખ સંસારના રાગથી પેદા થાય છે,એવો વિચાર કરવાથી વૈરાગ્ય થઈ જાય છે.(૪) મનને પ્રભુ પરમાત્મા ના ચરણારવિંદમાં જોડીને નિરંતર નામ સુમિરણ કરતાં કરતાં સાંસારીક કાર્યો કરવાં જોઈએ.પરમગતિ (મોક્ષ) પ્રાપ્તા કરવા માટે હંમેશાં પ્રભુ પરમાત્માંનું ચિંતન જ શ્રેષ્ઠએ ઉપાય છે.

મનુષ્યાનું મન જ જગતમાં બંધન અને મોક્ષનું મુખ્ય કારણ છે.વિષયાસક્ત મનથી બંધન થાય છે અને વિષયવૃતિ રહિત મનથી મુક્તિ થાય છે,એટલે મુકિતની ઈચ્છાત રાખનારાઓએ હંમેશાં મનને વિષય રહિત બનાવવું જોઈએ.મન અને ઈન્દ્રિયોનો સંયમ જ શાસ્ત્રરનું મૂળ છે.કઠોપનિષદ(૧/૩/૮) માં કહ્યું છે કેઃઈન્દ્રિ યોના દ્વારા જે પ્રભુ પરમાત્માંની આજ્ઞાનુસાર પવિત્ર કર્મોનું નિષ્કામિભાવથી આચરણ કરે છે તથા પ્રભુ પરમાત્માયને અર્પણ કરેલ ભોગોનું રાગ-દ્રેષ રહિત બનીની નિષ્કાકમભાવથી શરીર નિર્વાહના માટે ઉપભોગ કરે છે તે પ્રભુ પરમાત્મા-ના પરમધામને પ્રાપ્તિ કરી લે છે,જયાં ગયા પછી પાછું સંસારમાં આવવું પડતું નથી.‘‘

મનુષ્યલએ અન્નિદોષ અને રાગદોષથી બચવું જોઈએ,તેનાથી મન ઉપર વિશેષ અસર પડે છે અને આ અસરથી મનુષ્યુ પુરેપુરો બદલાઈ જાય છે. અન્નજ અને જળના સૂક્ષ્મર અંશથી મન બને છે.ચિત્તમાં જેવા સંસ્કારર અને જેવી પ્રાણશકિત હોય છે તે પ્રમાણે જ ક્રિયાઓ થાય છે.આ સંસ્કોર બે પ્રકારના હોય છેઃદ્રવ્યે સંસ્કાર અને ભાવ સંસ્કારિ.ખાનપાન દ્વારા જે સંસ્કાંર ઉત્પેન્નબ થઈને ચિત્તને પ્રભાવિત કરે છે તે દ્રવ્યા સંસ્કાભર છે તથા ઈન્દ્રિ યો અને મનના અનુભવના દ્વારા ચિત્તમાં જે સંસ્કોર-ભાવના જાગૃત થાય છે તે ભાવ સંસ્કારર છે.આપણે શુદધ સાત્વિનક આહાર, સેવા,સુમિરણ, સત્સંગથી,પ્રભુ પરમાત્મારની નિષ્કાદમ ભક્તિથી,પ્રભુ પરમાત્મા્ની કથા શ્રવણથી, પરોપકાર, દાન, સ્વાસદયારય..વગેરેથી સારા સંસ્કાતર લાવવાનો હંમેશાં પ્રયાસ કરવો જોઈએ. પ્રાણીઓની ઉપર જન્મસ-જન્માંગત્તરના કર્મોની વાસના ભરેલી પડી છે,તેથી હંમેશાં સત્કનર્મો કરવાની ચેષ્ટાઓ કરવી જોઈએ.તમામ પ્રાણીઓમાં પ્રભુ પરમાત્માકનો વાસ છે, આવો નિશ્ચય કરીને તમામની સેવા કરવાથી શરીર પવિત્ર બની જાય છે, દાન આપવાથી ધન પવિત્ર બની જાય છે અને પ્રભુ પરમાત્માનું ભજન કરવાથી અંતઃકરણ નિર્મળ બની જાય છે.

તન પવિત્ર સેવા કિયે,ધન પવિત્ર કર દાન,મન પવિત્ર હરિભજન કરે,હોત ત્રિવિધ કલ્યાણ.

## હેલ્થ ટીપ્સ

## દરેક સિઝનમાં મળતા રીંગણા આરોગ્ય માટે નુકસાનકારક



ઘણાં લોકોને રીંગણા ખાવા ખૂબ પસંદ હોય છે. લોકો તેને અલગ-અલગ રીતે પોતાના ડાયટમાં સામેલ કરે છે. ખાસ કરીને શિયાળાની સિઝનમાં લોકો રીંગણનું ભડથુ ખાવાનુ ખૂબ પસંદ કરે છે. પરંતુ શું તમે જાણો છો દરેક સિઝનમાં મળતા રીંગણા આરોગ્ય માટે નુકસાનકારક થઈ શકે છે.

ખરેખર, ઘણી આરોગ્ય સંબંધી પરેશાનીઓ એવી હોય છે, જેમાં રીંગણનું ભડથુ ખાવાથી તમારા આરોગ્યને નુકસાન થઈ શકે છે. જેનુ સેવન તમારી મુશ્કેલીઓ ખૂબ વધારી શકે છે. આવો જાણીએ છીએ કઈ મુશ્કેલીઓ થવાથી તમારે રીંગણા ખાવાથી બચવુ જોઈએ.

એલર્જી થવાથીઃ જો તમારી બૉડીમાં કોઈ પણ પ્રકારની એલર્જીની સમસ્યા છે તો તમારે રીંગણા ના ખાવા જોઈએ. કારણકે રીંગણા તમારી એલર્જીની પરેશાનીને વધુ વધારી શકે છે. જો તમારી આંખોમાં પણ કોઈ પણ પ્રકારની પરેશાની થાય તો પણ રીંગણાનું સેવન ના કરવુ જોઈએ.

જો તમે ડિપ્રેશનની સમસ્યાથી પસાર થઈ રહ્યાં છો તો રીંગણાથી દૂર રહેવુ જોઈએ. ડિપ્રેશનથી પીડિત વ્યક્તિ મોટાભાગની દવાઓનું સેવન કરે છે. તેથી જો તમે રીંગણાનુ સેવન કરશો તો દવાઓની અસર ઘટી જશે.

જે લોકોને હરસની સમસ્યા છે તે લોકોએ પણ રીંગણનુ સેવન ના કરવુ જોઈએ. જો તમે રીંગણનુ સેવન કરશો તો બની શકે છે કે તમારી પરેશાની વધે.

પથરીની સમસ્યામાં પીડિત વ્યક્તિને ખાવાપીવાનુ ખાસ ધ્યાન રાખવુ જોઈએ. તબીબોના જણાવ્યાં મુજબ, રીંગણમાં ઓક્સિલેટ આવે છે, જે કિડની માટે નુકસાનકારક છે. તેથી તમારે રીંગણાનુ સેવન ના કરવુ જોઈએ.

પ્રેગનન્સી દરમ્યાન રીંગણાનુ સેવન ના કરવુ જોઈએ. ખરેખર, ગર્ભાવસ્થા દરમ્યાન રીંગણાનુ સેવન કરવાથી ગર્ભમાં રહેલા બાળકના વિકાસ માટે નુકસાનકારક છે.

## આપની આજ.......

મેષ (અ.લ.ઈ.) : વાહન મશીન વગેરેથી સંભાળવું,સારા શુભ સમાચાર મળશે, કરેલા રોકાણથી લાભ થશે, કામકાજમાં ફાયદો થશે.

વૃષભ (બ.વ.ઉ.) : નોકરી અને રોકાણથી લાભ થશે, યાત્રા-પ્રવાસથી લાભ થાય, પરોપકારના કામ કરવાથી શાંતિ મળે, માનસિક બેચેની જણાશે.

મિથુન (ક.છ.ઘ.) : જોખમવાળા કામથી દૂર રહેવું , ખર્ચનું પ્રમાણ અધિક જણાશે, શત્રુથી સામાન્ય પરેશાની જણાશે, અજાણ્યા વ્યક્તિનો વિશ્વાસ ના કરવો.

કર્ક (ડ.હ.) : રોકાયેલું ધન પ્રયાસ કરવાથી મળશે, કામકાજમાં વૃદ્ધિ થશે, રોકાણ, વેપાર, અભ્યાસમાં સફળતા મળશે, મનોબળ મજબૂત બનશે.

સિંહ (મ.ટ.) : નવા કામકાજથી લાભ થશે, આત્મબળમાં વધારો થશે, કામકાજમાં ફાયદો થાય અને મન પ્રસન્ન રહેશે, કામમાં જવાબદારી વધશે.

કન્યા (પ.ઠ.ણ.) : ધાર્મિક યાત્રા કે પ્રવાસની સંભાવના છે, રાજ-કાજની રૂકાવટો દૂર થશે, ધનપ્રાપ્તિની સંભાવના પ્રબળ બને છે, કામકાજમાં સફળતા જણાશે.

તુલા (ર.ત.) : આકસ્મિક લાભ થાય, નવા રોકાણ માટે ઉત્તમ સમય છે, વિવાદિત કાર્યોમાં પ્રતિષ્ઠાને હાનિ પહોંચશે, મોટાની વાતને દિલ ઉપર ના લેવી.

વૃશ્ચિક (ન.ય.) ,જીવનસાથી ભાગીદારોનો સહયોગ મળશે,વિરોધીઓ તમારાથી પરાજીત થશે,કોર્ટ કચેરી-પારિવારિક સંઘર્ષમાં સાચવવું,વ્યર્થ વાણી-વિલાસથી દૂર રહેવું

ધન (ભ.ધ.ફ.ઢ.) : સંપત્તિને લગતા કામકાજમાં લાભ થશે, સામાજિક કાર્યોમાં યશ પ્રભાવ વધશે, વિવેકવાળા કામકાજમાં લાભ થશે, હરિફાઈવાળા કામમાં સફળતા મળશે.

મકર (ખ.જ.) : મહેનતના પ્રમાણમાં સારી સફળતા મળશે, ધંધામાં આવકની નવી તકો મળશે, સંતાનોના પ્રશ્નોથી પરેશાની રહેશે, જવાબદારીમાં વધારો થશે સાથે લાભ પણ થશે.

કુંભ (ગ.શ.સ.ષ.) : મશીનરી અને વાહન બાબતે સંભાળવું, જોખમી કામકાજથી દૂર રહેવું, વેપાર-વાણિજયમાં મધ્યમ જણાશે, કારકિર્દીની બાબતમાં સાવધાન રહેવું.

મીન (દ.ચ.ઝ.થ.) : યાત્રા-પ્રવાસ કે ફરવાથી લાભ થશે, માન-પાન, પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે, રોકાયેલા કાર્યોમાં ગતિ મળશે, હોંશિયારીથી કામમાં ધ્યાન આપવું.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# ભોજેલા ગામે ખેડૂતોને જાણ કર્યા વગર જ કોન્ટ્રાકટર દ્વારા ખોદકામ કામ કરતા ખેડૂતોએ કામ અટકાવ્યું

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના ભોજેલા ગામે નળ સે જળ યોજના અંતર્ગત ગામે ગામ નળ થી પાણી પહોંચાડવા માટે પાણી પુરવઠા વિભાગ દ્વારા પાણીની પાઈપલાઈન નાખવા માટે ખોદકામ કરવાની કામગીરી હાલ ચાલી રહી છે. ત્યારે આ પાઈપલાઈન નાખનાર કોન્ટ્રાક્ટર દ્વારા આડેધડ ખોદકામ કામ કરવા મા આવી રહ્યું છે. જે પણ ખેડૂતની પરવાનગી લીધા વગર જ આડેધડ ખોદકામ કામ કરવામાં આવી રહ્યું છે અને હાલ રવિ સીઝન ચાલી રહી છે અને ખેતરોમાં પાક થવાની તૈયારીમાં છે. ફક્ત દોઢ મહીનાનો સમય લાગે તેમ છે, જ્યારે કોન્ટ્રાક્ટર દ્વારા આડેધડ ખોદકામ કામ કરવામાં અવતા ખેડૂતો રોષે ભરાયા હતા અને આ કોન્ટ્રાક્ટ દ્વારા સરકારની કોઈ પણ ગાઈડ લાઈનનું પાલન આ કોન્ટ્રાકટ દ્વારા કરવા આવ્યું નથી અને ખેડુતનું હિત પણ જોયું નથી.

આ બાબત ભોજેલા ગામના ખેડૂતે વાડીલાલ પટેલે



જણાવ્યું હતું કે, આ વર્ષે વરસાદ પણ સારો નથી પડયો જેથી અમારી ચોમાસાની ખેતી પણ નિષ્ફળ ગઈ હતી અને હાલ રવિ સિઝનનો પાક તૈયાર થવાની આરે છે અને જેને ફક્ત એક દોઢ મહીના જેટલો સમય લાગે તેમ છે. તો અમારો રવિ પાક થઈ જાય પછી ખોદકામ કામ કરવામાં આવે તો અમને કોઈ જાતની તકલીફ નથી.

સુરેશ પટેલે જણાવ્યું હતું કે, ગયા વર્ષે પણ અહીંયા થી પાઈપલાઈન માટે ખોદાણ કરવામાં અવ્યું હતું અમને કહેવામાં અવ્યું હતું કે, તમારી જમીન હાલ જેવી છે. તેવી કરી અપીશું પરંતુ કોન્ટ્રાક્ટર દ્વારા જે પણ અધૂરી મૂકી દેવામાં આવી હતી અને અમારી જમીનમાં હાલ જ ટ્રેક્ટર,જેસીબી મારીને સરખી કરી છે અને ફરી થી ખોદકામ કરતા અમારી જમીન ફળદ્રુપતા ઘટી જાય છે અને પત્થર નીકળી આવે છે. જે પણ અમે મહામહેનતે સરખું કર્યું હતું.

ફતાભાઈ મછાર જણાવ્યું હતું કે, કોન્ટ્રાક્ટર દ્વારા અમને એવી કોઈ પણ સૂચના આપવામાં આવી નથી કે તમને કેટલું વળતર મળશે તે પણ જણાવ્યું હતું અને જે ખેતર માંથી પાઈપલાઈન પસાર થાય તે ખેતરનું પૂરૂં વળતર મળવું જોઈએ તો અમે ખોદવાની પરવાનગી અપીએ એન પાઈપલાઈન નાખ્યા પછી સમતલ પણ કરી આપવાની બાંહેધરી અપાશે તો અમે ખોદકામ કરવાની પરવાનગી અપીશું. અગાઉ પણ અમારા ખેતરોમાં પાઈપલાઈન માટે ખોદાણ કરવામાં અવ્યું હતું અને સમતલ કરવામાં નથી આવ્યું અને અમારા સ્વખર્ચે જમીન સમતલ કરવી હતી. જેમાં અમને વળતર કરતા વધુ ખર્ચ તો તેમાં થઈ ગયો હતો અમને યોગ્ય વળતર અને જમીન સમતલ કરવાની ખાતરી અપાશે તો અમે ખોદકામની મંજૂરી અપીશું નહીંતર ખોદકામ નહીં કરવા દઈએ.

એટલું જ નહીં આ પ્રોજેકટની મંજૂરીની વિગતો, પાઈપલાઈન કેવી રીતે નાંખવી જોઈએ ગાઈડ લાઈન પાઈપો નાખવામાં કેટલી જમીનની જરૂર છે. જેને સંપાદિત કરવી વળતર કેવી રીતે ચૂકવવું જે બાબતે તમામ માહિતી આપે નહીં ત્યાર સુધી કામ કરવા દેવામાં આવશે નહીં.

# દે.બારીઆ તાલુકાના ભેર દરવાજા પાસેથી બોલેરો પીકઅપમાં કત્તલ માટે લઈ જવાતા ૪૫ પશુઓ પોલીસે બચાવ્યા

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના ભેર દરવાજા વિસ્તાર ખાતેથી પોલીસે એક બોલેરો પીકઅપ ગાડીમાંથી બળદો તેમજ ગાય મળી કુલ ચાર પશુઓને કતલખાને લઈ જતાં બે બાળ કિશોરો કાયદાના સંઘર્ષમાં આવતાં પોલીસ ચોંકી ઉઠીં હતી. પોલીસે બંન્ને બાળ કિશોરોની અટકાયત કરી પીકઅપ ગાડી કબજે લઈ પશુઓ મળી કુલ રૂા. ૧,૭૬,૦૦૦નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો છે જ્યારે આ બનાવમાં પશુઓ કતલ માટે પશુઓ મંગાવનાર અને બાળ કિશોરોની મદદ કરનાર અન્ય એક વિરૂધ્ધ પણ પોલીસે ગુનો દાખલ કર્યો છે.

આજરોજ તારીખ ૧૮મી જાન્યુઆરીના રોજ બપોરના એક વાગ્યાના આસપાસ દેવગઢ બારીઆના ભે દરવાજા ખાતે પોલીસને મળેલ બાતમીના આધારે વોચ ગોઠવી ઉભી હતી. બાતમીમાં દર્શાવેલ એક બોલેરો પીકઅપ ગાડી ત્યાંથી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને બોલેરો પીકઅપ ગાડી નજીક આવતાની સાથે પોલીસે બોલેરો પીકઅપ ગાડીને ચારેય તરફથી ઘેરી લઈ અંદર સવાર બે યુવકોને બહાર નીકળવાનું કહેતાં બંન્ને યુવકો બોલેરો પીકઅપ ગાડીમાંથી બહાર નીકળતાં પોલીસ ચોંકી ઉઠી હતી. બંન્ને બાળ કિશોરો પોલીસને નજરે પડતાં અને એક બાળ કિશોર બોલેરો ગાડીનો ચાલક હોવાનું સામે આવ્યું હતું. પોલીસે ત્યાર બાદ પીકઅપ ગાડીની તલાસી લેતાં અંદરથી ઘાસ, ચારો કે, પાણીની સુવિધા રાખ્યાં અને મોંઢે અને પગે દોરડાથી કુરતા પુર્વક બાંધી રાખેલ ગેરકાયદે કતલખાને લઈ જવાતાં ૦૩ નંગ ભેંસ અને એક નંગ ગાય મળી કુલ ચાર પશુઓ કિંમત રૂા.૧૬,૦૦૦, એક બાળ કિશોર પાસેથી એક મોબાઈલ ફોન તેમજ બોલેરો ગાડીની કિંમત મળી કુલ રૂા. ૧,૭૬,૦૦૦નો મુદ્દામાલ પોલીસે કબજે કરી અટકાયત કરેલ બંન્ને બાળ કિશોરોની પુછપરછ કરતાં આ પશુઓ હુસૈનભાઈ અબ્દુલભાઈ શેખ (રહે. કાપડી, ફાટક ફળિયું, તા.દેવગઢ બારીઆ, જિ.દાહોદ) નાએએ મંગાવ્યાં હોવાનું જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, હવે કસાઈઓ પોતાનો ઈરાદો પાર પાડવા માટે અને પોલીસની નજર ચુકવવા માટે બાળ કિશોરોનો સહારો લેતાં હોઈ તેમ પ્રતિત થઈ રહ્યું છે.

આ સંબંધે દેવગઢ બારીઆ પોલીસે બંન્ને બાળ કિશોરો મળી કુલ ત્રણ જણા વિરૂદધ પશુ સંરક્ષણ અધિનિયમની કલમ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દે.બારીયા શહેરના લાભાર્થીઓના માં વાત્સલ્ય કાર્ડ બનાવવા માટે કેમ્પ રાખીને કાઢવામાં આવ્યા હતા ખરા ? પરંતુ કાર્ડ મેળવવા માટે ધરમના ધક્કા કેમ છે...?

દે.બારીયા,

દે.બારીયા શહેરમાં કસ્બા વિસ્તારમાં દોઢ થી બે માસ અગાઉ તેડાગર અને હેલ્થ વર્કરના દ્વારા ઘરે ઘરે જાણ કરવા માટે આવ્યા હતા કે, જેમના માં વાત્સલ્ય કાર્ડ જે પણ વ્યકિતઓ બનાવેલા ના હોય તો ડોકયુમેન્ટમાં આધારકાર્ડ તથા આવકના દાખલો, રેશનકાર્ડની ઝેરોક્ષ કોપી રજુ કરી તમારા કુંટુંબનું વ્યકિતદીઠ કાર્ડ મેળવવા માટે કેમ્પનો લાભ લેવા માટે જાણ કરી ત્યારબાદ માં કાર્ડ મેળવવાની પ્રક્રિયામાં ભાગ લીધો હતો. અને રૂા.૩૦/– કાર્ડ બનાવવા પેંટે એક મહિલા કોમ્પ્યુટર ઓપરેટરે મહેતાણા પેટે લઈને કાર્ડ બનીને હજુ સુધી કોઈપણ તેડાગર અથવા હેલ્થ વર્કર આપવા માટે આવ્યા નથી. એકબાજુ આરોગ્યના પદ અધિકારીઓ ગુલબાંગ ફુંકે છે. દાહોદ જીલ્લામાં આટલા માં કાર્ડ ની કામગીરી થઈ ચૂકી છે. જ્યારે બીજી બાજુ વાસ્તવિકતા અલગ બયાન કરે છે. કેમ્પ જેવા અભિયાન માંડ કાર્ડ બનાવવા માટે લાભાર્થીઓએ રૂા.૩૦/– આપ્યા છે. તે છેતરાયા છે કે શું ? લાગતા વળગતા આરોગ્ય વિભાગના અધિકારીઓ તપાસ કરશે ખરાં કે પછી તેમનો પણ ભાગ બટાઉમાં સામેલ છે. તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે. દાહોદ જીલ્લાના દે.બારીયા શહેરના કસ્બા વિસ્તારમાં જે કાર્ડ બનાવનાર ઓપરેટર પાસે લાભાર્થીઓ જાય છે. તે સંતોષકારક જવાબ આપવા નિષ્ફળ છે. જેટલા લાભાર્થીઓના કાર્ડ અપડટે કર્યા છે. તે તમામ માં કાર્ડના આરોગ્ય વિભાગ સાથે એપ્રોચ કરવામાં આવે અને માં વાત્સલ્ય કાર્ડ જે તે લાભાર્થીઓને વિના વિલંબે ઘેર બેઠા મળે તેવી તજવીજ હાથ ધરવામાં આવે તેવી દે.બારીયા શહેરના લાભાર્થીઓની માંગ ઉઠવા પામી છે. આરોગ્ય વિભાગના સચિવશ્રી આ બાબતે સંવેદનશીલતા દાખવશે ખરાં ? તે તો આવનારો સમય બતાવશે.

# રાજ્ય આદિજાતિ કોર્પોરેશન દ્વારા આદિવાસીઓ માટે અપમાનજનક શબ્દોનો ઉપયોગ કરતાં દાહોદ આદિવાસી સમાજે આવેદન આપ્યું

દાહોદ,

ગુજરાત રાજ્યના આદિજાતિ કોર્પોરેશન દ્વારા આધિવાસીઓ માટે અપમાનજનક શબ્દોનો ઉપયોગ કરતાં દાહોદના આદિવાસી સમાજની લાગણી દુભાતા આ મામલે દાહોદ જિલ્લા કલેક્ટર કચેરીએ રાજ્યપાલને સંબોધતું આવેદનપત્ર સુપ્રરત કર્યું હતું.

દાહોદના આદિવાસી સમાજના લોકો દ્વારા રાજ્યપાલને સંબોધતું આવેદનપત્ર દાહોદ જિલ્લા કલેક્ટર કચેરી સુપ્રરત કર્યું હતું જેમાં જણાવ્યાં અનુસાર, ગુજરાતના આદિવાસીઓ ગુજરાત સરકારના એક એકમ આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા વિવિધ વર્તમાન પત્રોમાં આપેલ જાહેરાતમાં આધિવાસીઓને ઈસમો તરીકે



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

સંબોધિત કરતાં અત્યંત અપમાનજક અને ગુસ્સાની લાગણી દાહોદવાસીઆએ અનુભવી રહ્યાં છે. ગુજરાત સરકાર અને સરકારના શાસન અને પ્રશાસનમાં રહેલી વ્યક્તિઓ દ્વારા નજીકના ભુતકાળમાં અનેક વખત આવી અપમાનિત કરતી ટિપ્પણી થતી રહેતી હોય છે. તેવા પણ આવેદનપત્રમાં આક્ષેપો કરવામાં આવ્યાં હતાં. કોર્પોરેશન દ્વારા આદિવાસીઓના કલ્યાણ માટેની વિવિધ સરકારી યોજનાની જાહેરતમાં આદિવાસીઓને ઈસમો તરીકે સંબોધવામાં આવ્યાં છે. જે અત્યંત અપમાનજનક શબ્દ છે અને આ કોઈ ભુલથી નહીં પણ છેલ્લા કેટલાંક વર્ષોથી સરકાર સરકારના સાશન પ્રશાનના પ્રતિનિધિઓ દ્વારા વારંવાર કરવામાં આવતાં અમાનની એક વધુ અપમાનજવક કડી છે. સામાન્ય રીતે ઈસમો શબ્દ પોલીસ તંત્ર દ્વારા કથિત ગુનેહગારો માટે કાયદાકીય રીતે વપરાતો શબ્દ હોવાનું પણ આવેદનપત્રમાં જણાવ્યું હતું માટે કોર્પોરેશનના ચેરમેન તથા કાર્યપાલક નિયામકને તાત્કાલિક અસરથી તેમના હોદ્દા પરથી દુર કરવામાં આવે અને સામાજીક સોહાર્દ બગાડતી આ ટિપ્પણી માટે તેમની સાથે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી લાગણી અને માંગણી દાહોદના આદિસાવી સમાજમાં ઉઠવા પામી છે.

# દાહોદ જીલ્લામાં આજે કોરોનાનો રાફડો ફાટયો : ૬૨ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

દાહોદમાં આજે કોરોના નો બોમ ફૂટ્યો સીઝનના સૌથી વધુ રેકોર્ડ બ્રેક કોરોનાના કેસો નોંધાંયાં છે. આજે એક સાથે ૬૨ કોરોના પોઝીટીવ કેસો નોંધાંતાં લોકોમાં ફફડાટ સાથે ભયનો માહોલ જોવા મળ્યો હતો. કોરોનાએ આજે હાફ સેન્ચુરી પાર કરતાં આવનાર દિવસોમાં કોરોના સેન્ચુરી પાર કરી દેશે તેમ કહીએ તેમાં કોઈ અતિશયોક્તિ નહીં ગણાય. આજે એકસાથે ૬૨ કોરોના કોરોના પોઝીટીવ આવતાં આવનાર દિવસોમાં આરોગ્ય તંત્રની કામગીરીમાં ચોક્કસ પણ વધારો થઈ શકે છે. આજના કેસોને પગલે આરોગ્ય તંત્ર પણ દોડતું થયું હતું. દાહોદ માટે આવનાર દિવસો કોરોના રૂપી રાક્ષસ સંક્રમણના એંધાણોમાં કપરો સાબીત તો નહીં થાય ને ?

આર.ટી.પી.સી.આર.ના ૨૧૫૪ પૈકી ૧૫ અને રેપીટ ટેસ્ટના ૧૦૮૫ પૈકી ૪૭ મળી આજે કુલ ૬૨ કોરોના પોઝીટીવ કેસો નોંધાંયાં છે. સૌથી વધુ દર વખતની માફક દાહોદ અર્બન વિસ્તારમાંથી ૧૫ કેસો સામે આવ્યાં છે. જ્યારે દાહોદ ગ્રામ્ય વિસ્તારમાંથી ૦૬, ઝાલોદ અર્બન વિસ્તારમાંથી ૦૨, ઝાલોદ ગ્રામ્ય વિસ્તારમાંથી ૦૯, દેવગઢ બારીઆ અર્બનમાંથી ૦૪, દેવગઢ બારીઆ ગ્રામ્યમાંથી ૧૨, લીમખેડામાંથી ૦૫, સીંગવડમાંથી ૦૧, ધાનપુરમાંથી ૦૧ અને સંજેલીમાંથી ૦૭ કેસો કોરોના પોઝીટીવ આવ્યાં છે. આજે વધુ ૨૩ દર્દીઓ કોરોનાથી સાજા થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જ્યારે ૨૫૫ એક્ટીવ કેસોના દર્દીઓ હાલ પણ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યાં છે. દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૭૫૫૨ ને પાર થઈ ગયો છે. ત્યારે કોરોનારૂપી રાક્ષક વચ્ચે આગામી દિવસો દાહોદ માટે કેવા પ્રકારનું રૂપ ધારણ કરશે તે જોવાનું રહ્યું. વધતાં કેસોની સાથે કોરોનાની બીજી લહેર સૌ કોઈને યાદ આવી જતાં દાહોદ જિલ્લાવાસીઓ એકક્ષણે ધ્રુજી ઉઠે છે. કારણ કે, કોરોનાની બીજી લહેરે સમગ્ર દેશ સાથે સાથે નાનકડા એવા દાહોદ જિલ્લામાં પણ આતંક મચાવ્યો હતો અને બીજી લહેરમાં સૌથી વધુ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. ત્યારે હવે કોરોનાની ત્રીજી લહેર સામે સરકાર આગોતરા આયોજન રૂપી કેવા પગલાં લેશે તે જોવાનું રહ્યું.

# દાહોદની ઝાયડસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં વધુ એક સફળ ઓપરેશન



દાહોદ,

પુરૂષોમાં સ્તન કેન્સરની ઘટનાઓ અને બીમારીઓ જુસ્સો ટકામાંથી માત્ર એક ટકા જોવા મળતી હોય છે અને આવો જ એક કિસ્સો દાહોદની ઝાયડસ હોસ્પિટલમાંથી સામે આવ્યો છે. જેમાં દાહોદ તાલુકામાં રહેતા એક ૬૫ વર્ષીય વૃદ્ધને સ્તનનું કેન્સર હોય જેનું સફળતાપૂર્વક દાહોદના ઝાયડસ હોસ્પિટલના તબીબોએ ઓપરેશન કરી વૃદ્ધને નવું જીવન દાન આપ્યું છે.

દાહોદ તાલુકાના જેકોટ ગામે રહેતા એક ૬૫ વર્ષીય વૃદ્ધને છેલ્લા ઘણા સમયથી છાતીમાં તકલીફ પડતી હતી. જેના લીધે તેમને તારીખ ૨૮.૧૨.૨૦૨૧ના રોજ દાહોદની ઝાયડસ હોસ્પીટલ ખાતે સારવાર અર્થે લાવવામાં આવ્યા હતા. વૃદ્ધનું સારવાર દરમિયાન બાયોસ્પી, યુએસજી અને સીટી સ્કેન સહિતના રિપોર્ટો કરવામાં આવ્યા હતા. વૃદ્ધના રિપોર્ટ જોઈ તબીબો આશ્ચર્યચકિત થઈ ગયા હતા. કારણ કે, ખાસ કરીને મહિલાઓને સ્તન કેંસરની બીમારી રહેતી હોય છે, પરંતુ માત્ર જૂજ સો ટકામાંથી માત્ર એક ટકા કેસો પુરૂષોમાં જોવા મળતા હોય છે અને તેમાય ૦.૪ ટકા કરતા ઓછા વ્યક્તિઓમાં આ સ્તન કેંસરની બીમાર જોવા મળતી વૃદ્ધના રિપોર્ટમાં તેમને સ્તન કેન્સર હોવાનું તબીબોને જણાઈ આવ્યું હતું અને તાત્કાલીક તેઓને હોસ્પિટલ ના ડોક્ટર દ્વારા દાખલ કરવામાં આવ્યા હતા તારીખ ૦૬.૦૧.૨૦૨૨ ના રોજ વૃદ્ધનું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું અને ઓપરેશન કરવામાં તબીબો સફળ થયા હતા અને વૃદ્ધને નવું જીવતદાન મળ્યું હતું. તબીબો પાસેથી જાણવા મળ્યા પ્રમાણે આ કેન્સર ખુબ જ આક્રમક સ્વરૂપ પણ છે. તાત્કાલિક નિદાન અને સારવાર દર્દી માટે ઉત્તમ પરિણામો અને આયુષ્ય આપે છે.

આ ઓપરેશનને સફળતાપૂર્વક દાહોદ ઝાયડસ હોસ્પિટલના ઑપરેટિંગ સર્જન ડો. ઋષીન પંડ્યા અને એનેસ્થેટિસ્ટ ડો. ધર્મેશ ગોહિલ સજીર્કલ યુનિટ–૨ની ટીમે ઓપરેશનને સફળતા પૂર્વક પાર પડ્યુ હતું.

# ઝાલોદના લીમડી ગામે વૈભવી કારમાં લઈ જવાતો ૨.૪૦ લાખના દારૂ સાથે એક ઈસમને લીમડી પોલીસે ઝડપ્યો



દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી પોલીસે એક વૈભવી ગાડીમાંથી ૨,૪૦,૨૪૦/–ના વિદેશી દારૂના જથ્થા સાથે એકની અટક જ્યારે અન્ય ત્રણ ફરાર થઈ ગયા હોવાનું જાણવા મળે છે.

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ધાવડિયા ચેકપોસ્ટ ખાતે બે દિવસ અગાઉ સંજેલી પોલીસ મથકના એક પોલીસ કોન્સ્ટેબલ સહિત કુલ ૩ થી ૪ વ્યક્તિઓ સામે પોલીસે વિદેશી દારૂની હેરાફેરી કરવાના મામલે ગુનો દાખલ કર્યો હતો. ત્યારે આજે ઝાલોદ તાલુકાના લીમડી પોલીસે ડુંગરી ગામેથી વૈભવી હોન્ડા સીટી ગાડી પસાર થઈ રહેલી હોવાની માહિતી મળી હતી. જે બાતમીના આધારે લીમડી પોલીસે બાતમી સ્થળ પર વોચ ગોઠવી હતી. ત્યારે બાતમીમાં દર્શાવિલ હોન્ડા સીટી ગાડી ત્યાંથી પસાર થઈ હતી અને નજીક આવતાની સાથે જ પોલીસે તેને ચારે તરફથી ઘેરી લીધી હતી, પરંતુ ગાડીમાં સવાર ત્રણ ઈસમો પોલીસને ચકમો આપી ફરાર થઈ ગયા હતા, પરંતુ એકને પોલીસે ઝડપી પાડચો હતો. પોલીસે ફોરવિલ ગાડીમાં તલાસી લેતા પોલીસ ચોંકી ઉઠી હતી. ફોરવિલ ગાડીમાંથી પોલીસે વિદેશી દારૂનો કુલ રૂપિયા ૨,૪૦,૨૪૦/–ના જથ્થા સાથે એકની અટકાયત કરી આરોપીઓ વિરૂદ્ધ લીમડી પોલીસે ચોરીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઝાલોદના લીમડી બાયપાસ ચોકડી પાસે ટ્રેલરની અડફેટે આવેલ એકટીવા ચાલકનું મોત

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી બાયપાસ ચોકડી ખાતે એક કન્ટેઈનર ટ્રેઈલરના ચાલકે પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી તે સમયે ત્યાંથી પસાર થઈ રહેલ એક્ટીવા ટુ ચાલકને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારી નાસી જતાં એકટીવા ટુ વ્હીલર ગાડીના ચાલકને માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેમનું મોત નીપજયાંનું જાણવા મળે છે.

ગત તા.૧૭મી જાન્યુઆરીના રોજ લીમડી બાયપાસ હાઈવે પરથી દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના કરંબા ગામે નવી ઘરી ફળિયા ખાતે રહેતાં કમજીભાઈ નાથાભાઈ ડાંગી પોતાના કબજાની એક્ટીવા ટુ વ્હીલર ગાડી લઈ હાઈવે રોડ ક્રોસ કરી રહ્યાં હતાં. આ દરમ્યાન ત્યાંથી એક કન્ટેઈનર ટ્રેઈલરનો ચાલક પસાર થયો હતો અને પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી કમજીભાઈને અડફેટમાં લઈ કમજીભાઈના માથાના ભાગે વ્હીલર ફરાવી દેતાં કમજીભાઈનું ઘટના સ્થળ પર કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. માર્ગ અકસ્માત સર્જી કન્ટેઈનર ટ્રેઈલરનો ચાલક નાસી ગયો હતો.

આ સંબંધે સંજેલી તાલુકાના કરંબા ગામે નવી ઘરી ફળિયા ખાતે રહેતાં સબુરભાઈ કલુભાઈ ડાંગીએ લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ધાનપુરના પીપરગોટા ગામે ડે.સરપંચની ચુંટણીમાં વોટ બાબતે એક વ્યકિતનું અપહરણ કરી ગોંધી રાખી મારમારતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના પીપરગોટા ગામે ડેપ્યુટી સરપંચ ચુંટણી વોટ બાબતે થયેલ ઝઘડામાં પાંચ જેટલા ઈસમોએ એક્નું અપહરણ કરી લઈ જઈ ગોંધી રાખી ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડતાં પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી છે.

ગત તા. ૧૬મી જાન્યુઆરીના રોજ ધાનપુર તાલુકાના પીપરગોટા ગામે ગામતળ ફળિયામાં રહેતાં કવીતભાઈ સુરતનભાઈ વાંખળા, નરેશભાઈ બકુલભાઈ વાખળા, સુક્રમભાઈ બકુલભાઈ વાંખળા, અમરસીંગભાઈ ગમજીભાઈ વાંખળા અને શકાભાઈ અરવિંદભાઈ વાખવાનાઓએ એકસંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી પીપરગોટા ગામે પ્રાથમીક શાળા પાસે આવ્યાં હતાં. આ દરમ્યાન ત્યાંથી બોલેરો ગાડી લઈ પસાર થઈ રહેલ ધાનપુર તાલુકાના ભુવેરો ગામે ગામતળ ફળિયામાં રહેતાં વરસંદભાઈ મગનભાઈ બારીઆ તથા તેમની સાથે કાળુભાઈ ડામોર બંન્નેને ઉપરોક્ત પાંચેય જણાએ રસ્તામાં બોલેરો ગાડી ઉભી રખાવી રોક્યાં હતાં અને ગાડીમાં સવાર વરસંદભાઈને ખેંચી બહાર કાઢ્યાં હતાં અને બેફામ ગાળો બોલી, ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી વરસંદભાઈને મોટરસાઈકલ પર બેસાડી અમરસીંગભાઈ વાખળાના ઘરે લઈ જઈ ગોંધી રાખ્યાં બદાં અને ડેપ્યુટી સરપંચ ચુંટણીમાં વોટ કવીતભાઈને આપવાનો છે, તેમ કહી મારી નાંખવાની ધમકીઓ આપતાં આ સંબંધે વરસંદભાઈ મગનભાઈ બારીઆએ ઉપરોક્ત પાંચેય જણા વિરૂધ્ધ ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.125

# ગોધરા હોળી ચકલા સોનીવાડ વિસ્તારમાં જાહેર શૌચાલયના અભાવે ગંદકીનું સામ્રાજ્ય

## જે તે સમયે જાહેર શૌચાલય માટે લડત ચલાવનાર સભ્ય હાલ પ્રમુખ હોવા છતાં સમસ્યાનું સમાધાન નહિ

ગોધરા,

ગોધરા શહેર હોળી ચકલા સોનીવાડ વિસ્તારમાં રામસાગર તળાવના કિનારે સાર્વજનિક શૌચાલય આવેલ હતું. જે તે સમયે પાલિકા સત્તાધિશો એ નવું બનાવવાની ખાત્રી આપી તોડવામાં આવ્યું હતું. બાદ નવું શૌચાલય ઉભું કરવાનું વિસરાઈ જતાં વોર્ડ નં.૫ના તત્કાલીન સભ્ય અને હાલના પાલિકા પ્રમુખ દ્વારા વેપારીઓ તેમજ બહારથી આવતા-જતા લોકોને શૌચાલયના અભાવે પડતી મુશ્કેલીઓને લઈ પાલિકા સામે લડત ચલાવી હતી. જેને લઈ પાલિકા દ્વારા મોબાઈલ શૌચાલય ગોઠવી દેવામાં આવ્યું હતું. તે તદ્દન બિનઉપયોગી હતું. જે તે પાલિકા દ્વારા હટાવી લઈને નવું શૌચાલય બાંધવાની ખાત્રી આપી હતી. તે પાલિકાના સત્તાધિશો ભુલી ગયા છે. હાલ શૌચાલયના અભાવે તળાવ વિસ્તારમાં લોકો ખુલ્લામાં શૌચ કરતાં હોવાની ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે.

ગોધરા રામસાગર તળાવના કિનારે હોળી ચકલા વિસ્તારમાં પાલિકા દ્વારા જાહેર શૌચાલયની સુવિધા ઉભી કરવામાં આવી હતી. શૌચાલયની જાળવણીના સ્વચ્છતાના અભાવે ગંદકીને લઈ પાલિકા દ્વારા નવું શૌચાલય બનાવવાના નામે શૌચાલય તોડી નાખવામાં આવ્યું હતું. શૌચાલય તોડી નાખવામાં આવતાં મુખ્ય બજાર વિસ્તારના દુકાનદારો તેમજ શહેરમાં આવતાં બહારના લોકો શૌચક્રિયા માટે ભારે મુશ્કેલી વેઠવી પડતી હતી. સ્થાનિક વેપારીઓ અને લોકોની તકલીફને જોતાં પાલિકાના વોર્ડ નં.૫ના તત્કાલીન વોર્ડ સભ્ય અને હાલના પાલિકા પ્રમુખ દ્વારા પાલિકાના સત્તાધિશોને અવાર-નવાર લેખિત અને મૌખિક રજુઆતો કરીને શૌચાલય બનાવી આપવા માટે લડત ચલાવી હતી. પરિણામ સ્વરૂપ પાલિકરા દ્વારા જુની તોડી નાખવામાં આવેલ શૌચાલયના સ્થાને મોબાઈલ શૌચાલય મુકવામાં આવ્યું હતું. પાલિકાના સત્તા બદલાતા બજાર વિસ્તારના વેપારી તંત્રને તળાવના કિનારે શૌચાલયની સુવિધા ઉભી કરવામાં આવશે તેવી આશાઓ હતી પરંતુ હાલના પાલિકા સત્તાધિશો દ્વારા મોબાઈલ શૌચાલયને પણ હટાવી લેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો અને જે સ્થળે શૌચાલય હતું તે સ્થળને પ્લાસ્ટર કરીને વાહનો મુકવા માટેની સુવિધા ઉભી કરીને સંતોષ માન્યો છે. હાલ મુખ્ય બજાર ગણાતા સોનીવાડ, હોળી ચકલા વિસ્તારમાં જાહેર શૌચાલયની સુવિધાનો અભાવ છે. જેને લઈ લોકો જાહેરમાં શૌચક્રિયા કરવા મજબુર બન્યા છે. તળાવના કિનારે ખુલ્લામાં શૌચક્રિયાને લઈને ભારે ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. અને લોકો સંકોચ સાથે ના છુટકે ખુલ્લામાં શૌચક્રિયા કરવા મજબુર બની રહ્યા છે. શહેરના મુખ્ય બજાર ગણાતા વિસ્તારમાં જાહેર શૌચાલયના અભાવે થતી ગંદકીના કાયમી ઉકેલ લાવવા માટે પાલિકાના સત્તાધિશો કોઈ પ્રયાસ કરશે.

## પંચમહાલ જીલ્લામાં મંગળવાર ના રોજ ૪૫ કોરોના પોઝીટીવ કેસ નવા નોંધાયા

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના સંક્રમણનો ભરડો આજરોજ જીલ્લામાં ૪૫ કોરોના પોઝીટીવ કેસ નવા નોંધાવા પામ્યા છે. એકટીવ કેસની સંખ્યા ૧૮૪ જયારે ૨૪ દર્દીઓ સાજા થતાં રજા અપાઈ છે અને ૧ વ્યકિતનું કોરોનામાં મોત નિપજાવા પામ્યું છે. વધતા જતા કોરોના સંક્રમણના કેસને લઈ આરોગ્ય વિભાગ સર્તક બનીને લોકોને કોવિડ ગાઈડ લાઈનનું ચુસ્તપણે પાલન કરવા અપીલ કરી છે.

**પંચમહાલ જીલ્લામાં આજે નોંધાયેલ કોરોના પોઝીટીવ સંખ્યા**

| | |
|---|---|
| ગોધરા | ૨૪ |
| હાલોલ | ૦૧ |
| કાલોલ | ૦૫ |
| ઘોઘંબા | ૦૨ |
| મોરવા(હ) | ૦૨ |
| ગોધરા (ગ્રામ્ય) | ૦૨ |
| હાલોલ (ગ્રામ્ય) | ૦૪ |
| કાલોલ (ગ્રામ્ય) | ૦૫ |

પંચમહાલ જીલ્લામાં કોરોના સંક્રમણના કેસમાં પ્રતિદિન વધારો થતો જોવા મળી રહ્યો છે. ઉત્તરાયણના પર્વમાં લોકો કોરોના સંક્રમણના ભય વગર કોવિડ ગાઈડ લાઈનનું પાલન કર્યા વગર બજારોમાં તેમજ ધાબાઓ ઉપર ભીડમાં રહેવાને લઈ કોરોના સંક્રમણનું જોર વધી રહ્યું છે. કોરોનાની ત્રીજી વેવમાં જીલ્લામાં કોરોના સંક્રમણના કેસ ધીમી ગતિએ શરૂ થઈને અચાનક ઉછાળો નોંધાવા પામ્યો છે. જીલ્લામાં વધતા જતા કોરોના સંક્રમણના કેસને લઈ જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા લોકોને કોરોનાને લગતા લક્ષણો જણાય તો કોવિડ ટેસ્ટ કરાવીને હોમઆઈસોલેટ થવા માટે સુચનો કરવામાં આવી રહ્યા છે. સાથે જીલ્લાવાસીઓ કોવિડ ગાઈડ લાઈનનું ચુસ્ત પાલન કરે માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવે તેવી અપીલ કરાઈ છે. આજરોજ પંચમહાલ જીલ્લામાં ૪૫ કોરોના પોઝીટીવ કેસ નવા નોંધાવા પામ્યા છે. ૨૪ દર્દીઓ સાજા થતાં રજા અપાઈ છે. તેમજ હાલ જીલ્લામાં ૧૮૪ કોરોના એકટીવ કેસ સારવાર હેઠળ છે. કોરોના સંક્રમણને લઈ જીલ્લામાં ૧ વ્યકિતનું મોત નિપજાવાની સાથે ત્રીજી વેવમાં કોરોનામાં આરોગ્ય વિભાગના રેકર્ડ મુજબ મૃત્યુ આંક બે નોંધાયા છે. પંચમહાલ જીલ્લામાં વધતા જતા કોરોના સંક્રમણને લઈ જીલ્લા વહિવટી તંત્ર સાથે આરોગ્ય વિભાગ ચિંતીત બન્યું છે. લોકોને કોવિડ ગાઈડ લાઈનનું પાલન કરવા સલાહ આપી છે.

## ગોધરા તાલુકાના રતનપુર કાંટડી ગામે રસાકસી વચ્ચે ડે.સરપંચની ચુંટણી યોજાઈ

ગોધરા,

ગોધરા તાલુકાના રતનપુર કાંટડી ખાતે ગ્રામ પંચાયતની ડેપ્યુટી સરપંચની ચૂંટણી ભારે રસાકસીભરી વચ્ચે યોજાઈ હતી. જેમાં સરપંચ સહિત ૧૦ સભ્યો માંથી સાત સભ્યોએ શિક્ષિત અને શિક્ષણ ક્ષેત્રે આગળ રહેલ દીક્ષિત પટેલને ડેપ્યુટી સરપંચ તરીકે વોટ આપ્યો હતો. આ ડેપ્યુટી સરપંચની ચૂંટણીમાં દીક્ષિત પટેલ ડેપ્યુટી સરપંચ તરીકે ચૂંટાઇ આવતા તેમના સમર્થકોમાં ભારે ખુશીની લહેર છવાઈ હતી. જ્યારે ડેપ્યુટી સરપંચની ચૂંટણીના લઈને ગ્રામ પંચાયત ખાતે પોલીસનો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

ગોધરા તાલુકાના રતનપુર કાંટડી ગ્રામ પંચાયતની ચૂંટણી ૧૯ ડિસેમ્બરના રોજ યોજાઈ હતી. જેમાં સરપંચ તરીકે દશરથભાઈ નિરૂલા ચૂંટાઈ આવ્યા હતા. જ્યારે મંગળવારના રોજ આ ગ્રામ પંચાયત ખાતે પ્રથમ સભાના ચૂંટણીના અધ્યાસી અધિકારી સી.એલ.પરમાર અને તલાટી કમ મંત્રી એન.આર.સંગાડાની ઉપસ્થિતિમાં ડેપ્યુટી સરપંચની ચૂંટણી યોજાઈ હતી. જેમાં સરપંચ સહિત ના કુલ ૧૦ સભ્યો હાજર રહ્યા હતા. આ ડેપ્યુટી સરપંચની ચૂંટણી દીક્ષિતભાઈ પટેલ અને પ્રવીણ પટેલ વચ્ચે યોજાઈ હતી. જેમાં સરપંચ સહિત અન્ય ૬ સભ્યોએ શિક્ષિત અને શિક્ષણ ક્ષેત્રે સારૂ એવું નામ ધરાવનાર દીક્ષિત પટેલને વોટ આપ્યો હતો. આ પ્રથમ સભાના ચૂંટણી અધિકારી સી.એલ.પરમાર એ દીક્ષિત પટેલને ડેપ્યુટી સરપંચ તરીકે જાહેર કરતાની સાથે તેમના સમર્થકોમાં ભારે ખૂશીની લહેર છવાઈ હતી. તેમના સમર્થકો અને ઉપસ્થિત સૌએ અભિનંદન પાઠવ્યા હતા. જ્યારે નવિન બનેલ ડેપ્યુટી સરપંચ દીક્ષિત પટેલ ઉપસ્થિત સૌ ગ્રામજનોને જણાવ્યું હતું કે, ગામમાં પાણીની તેમજ રસ્તાઓની સુવિધાઓ સાથે આપણું ગામ આદર્શ ગામ બને અને ગુજરાતમાં વખણાય તેવું હું ગામ બનાવીશ અને ગ્રામ પંચાયતમાં ગ્રાન્ટ આવે કે ના આવે મેં જે વાયદાઓ કર્યાં છે. તે તમામ પૂર્ણ કરવા સાથે ગામમાં વધુ પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરીશ તે સહિત તમામ ગ્રામજનો નો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રથમ સામાન્ય સભામાં ગામના સરપંચ દશરથભાઈ નિરૂલા તેમજ ૧૦ જેટલા ગ્રામ પંચાયતના સભ્યો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે ડેપ્યુટી સરપંચની ચૂંટણીને લઈને ગ્રામ પંચાયત ખાતે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

## ગોધરા પાવર હાઉસ સામે આવેલ મકાન માંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી ૩.૮૭ લાખના મુદ્દામાલની ચોરી

ગોધરા,

ગોધરા પાવર હાઉસ જીઈબી સામે આવેલ ઘરમાં અજાણ્યા ચોર ઈસમે પ્રવેશ કરી ઘર માંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડા રૂપીયા મળી ૩,૮૭,૦૦૦/-રૂપીયાની મત્તાની ચોરી કરી જતાં આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા પાવર હાઉસ જીઈબી સામે આવેલ રામચંદ મંગુલાલ ખટવાણીના ઘરમાં રાત્રીના સમયે અજાણ્યા ચોર ઈસમોએ ઘરમાં પ્રવેશ કર્યો હતો અને ઘર માંથી ચાંદીના સિકકા નંગ-૪૦, ચાંદીના ગ્લાસ, ચાંદીની ગાય, સોનાની નાકની કોકો નંગ-૧, કાનની બુટ્ટી-૨.૫૦ ગ્રામ નંગ-૨, કાનની બુટ્ટી-૫ ગ્રામ નંગ-૨, સોનાની બંગડી-૧૫ ગ્રામ નંગ-૩, સોનાની ચેઈન-૧૦ ગ્રામ નંગ-૨, સોનાની લકકી રૂદ્રાશ વાળી-૫ ગ્રામ નંગ-૧, સોનાની લકકી રમકડાવાળી-૬ ગ્રામ નંગ-૧, લેડીઝ વીંટી-૫ ગ્રામ નંગ-૨ મળી કિંમત ૨,૩૭,૦૦૦/-રૂપીયા તથા રોકડા ૧,૫૦,૦૦૦/-રૂપીયા મળી કુલ ૩,૮૭,૦૦૦/-રૂપીયાની મત્તાની ચોરી કરી લઈ જઈ ગુનો કર્યાની ફરિયાદ ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા LCB પોલીસે કાનોડ પાસેથી ડેસર પોલીસ મથક વિસ્તારની ચોરીની બાઈક સાથે ઈસમને ઝડપ્યો



ગોધરા,

ગોધરા એલ.સી.બી. પોલીસ વેજલપુર ગામે કાનોડ જવાના રોડ ઉપર વાહન ચેકીંગ દરમિયાન નંબર વગરની બાઈક લઈને પસાર થતાં ઈસમને રોકીને પુછપરછ કરતાં યોગ્ય જવાબ આપ્યો ન હતો. પોલીસે શંકાના આધારે ગુજકોપ પોકેટ કોપ મોબાઈલના આધારે સર્ચ કરી ડેસર પોલીસ મથક માંથી ચોરીની બાઈક સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા એલ.સી.બી.પોલીસ વેજલપુર ગામે કાનોડ જવાના રોડ ઉપર વાહન ચેકીંગમાં હતા. તે દરમિયાન નંબર વગરની બાઈક સાથે પસાર થતાં ઈસમને રોકીને બાઈક સંબંધે પુછપરછ કરતાં યોગ્ય સંતોષકારક જવા આપ્યો ન હતો અને પોતાનું નામ હેમંત મનોજકુમાર પરમાર રહે. છગનપુરા તા.કાલોલ હોવાનું જણાવેલ પોલીસે બાઇક નંબર વગરની બાઈકના ચેસીસી નંબર તથા એન્જીન નંબર ઈ.ગુજકોપ પોકેટકોપના મોબાઈલમાં નાખીને ચેકીંગ કરતા મોટર સાયકલ ચાલકનું નામ અર્જુનસિંહ રણજીતસિંહ પરમાર રહે. વચ્છેસર તા.સાવલી હોવાનું અને બાઈક ચોરાઈ ગયેલ હોવાની ડેસર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. તેવી ચોરીની બાઈક સાથે ઈસમને ઝડપી ડેસર પોલીસ મથકનો બાઈક ચોરીનો ગુનો અનડીકેટ કર્યો.

## ઘોઘંબા BRC ભવન ખાતે સમગ્ર શિક્ષા અંતર્ગત ધોરણ ૬ થી ૮ ના શિક્ષકો માટે શૈક્ષણિક સાધન સામગ્રી નિર્માણનો જિલ્લા કક્ષાનો વર્કશોપ યોજાયો



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

બી.આર.સી.ભવન ઘોઘંબા ખાતે ધોરણ-૬ થી ૮ના ગણિત-વિજ્ઞાનના શિક્ષકોની વ્યવસાયિક સજ્જતાનો વિકાસ થાય તે હેતુથી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પંચમહાલ દ્વારા જિલ્લા કક્ષાના TLM નિર્માણ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કુલ ૨૧ શિક્ષકો અને ૩ તજજ્ઞો હાજર રહ્યા હતા. સમગ્ર તાલીમનું આયોજન તથા માર્ગદર્શન જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના સિનિયર લેકચરર ઉમેશ ચૌહાણના હસ્તે કરવામાં આવ્યું હતું. તેમજ તજજ્ઞ તરીકેની ભૂમિકા વ્રજેશ શાહ, સંકેત શાહ અને સૌરભ પાઠક દ્વારા ભજવવામાં આવી હતી. તાલીમ વર્ગની શરૂઆતમાં વ્રજેશભાઈએ T.L.M કેવું હોવું જોઈએ અને વર્ગખંડમાં બાળકોને વિષય અનુરૂપ કેવી રીતે સમજાવી શકાય તેવુ બનાવવુ જોઈએ તેની સમજ આપી. ત્યારબાદ તજજ્ઞ મિત્રો દ્વારા શિક્ષકોને ૫ ગ્રુપમાં વિભાજિત કર્યા. અને જરૂરી સાધન સામગ્રી સાથે TLM નિર્માણ કરવાનું શરૂ કરવામાં આવ્યું હતું. અને ૬-૮ ના ગણિત-વિજ્ઞાન વિષયની અધ્યયન નિષ્પત્તિ અનુરૂપ વર્કિંગ મોડલ બનાવ્યા હતા. ત્યાર બાદ શિક્ષકોને માર્ગદર્શન તેમજ પ્રોત્સાહન આપવા માટે ઘોઘંબા તાલુકાના બી.આર.સી.કો. પ્રવીણ સોલંકી હાજર રહ્યા હતા.

## ઘોઘંબાના સાજોરા ત્રણ રસ્તા ઉપર કારમાં લઈ જવાતા પર હજારના દારૂ સાથે બે ઈસમો ઝડપ્યા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના દામાવાવ પોલીસ સાજોરા ત્રણ રસ્તા ઉપર ચેકીંગમાં હોય દરમિયાન શંકાસ્પદ ઈન્ડીકા વીસ્ટા ગાડીને રોકીને ચેકીંગ કરતાં કાર માંથી ૫૨,૬૮૦/-રૂપીયાનો ઈંગ્લીશ દારૂનો જથ્થો સાથે બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના દામાવાવ પોલીસ સાજોરા ત્રણ રસ્તા ઉપર વાહન ચેકીંગમાં હતા. દરમ્યાન શંકાસ્પદ રીતે પસાર થતી ઈન્ડીકા વીસ્ટા ગાડી નં. જીજે.૦૬.એફસી.૭૯૬૭ને રોકી હતી અને કારના ચેકીંગ દરમિયાન ભારતીય બનાવટનું રોયલ સીલેકટ ડીલકસ કવાટરીયા નંગ.૪૫૬, બીયર પતરા ટીન નંગ-૪૮ મળી કિંમત ૫૨,૬૮૦/-રૂપીયાનો દારૂનો જથ્થો તેમજ કાર મળી ૧,૫૨,૬૮૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ચુનીલાલ ટીનાભાઈ નાયક રહે. ગુંદી, તા.ઘોઘંબા, મુકેશ બકાભાઈ બારીયા રહે. ખડતા, તા. ઘોઘંબાને ઝડપી પાડવામાં આવ્યા. આ બાબતે દામાવાવ પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## શહેરાના સાધરા ગામનો યુવાન ઝેરી દવા પી જતાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયો

શહેરા,

શહેરા તાલુકાના સાધરા કુંભાર ફળીયામાં રહેતા ૨૩ વર્ષીય યુવાને અગમ્યકારણોસર ઝેરી દવા પી જતાં સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે શહેરા તાલુકાના સાધરા કુંભાર ફળીયામાં રહેતા વિનોદભાઈ શમાભાઈ માછી ઉ.વ.૨૩ અએ ૧૭ જાન્યુઆરીના રોજ કોઈ અગમ્યકારણોસર પોતાના ઘરે ઝેરી દવા પી ગયેલ હોય જેને દવા સારવાર માટે ગોધરા ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો. આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરાના વ્હોરવાડ ઢેસલી ફળીયામાં જુગાર રમતા ૭ ઈસમો ઝડપ્યા

ગોધરા,

ગોધરા શહેર વ્હોરવાડ ઢેસલી ફળીયામાં પાર્કિંગની ખુલ્લી જગ્યામાં જાહેરમાં જુગાર રમતા હોય તે સ્થળે બી ડીવીઝન પોલીસે રેઈડ કરી ૭ ઈસમોને ૧૦,૧૬૦/-રૂપીયાની રોકડ સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા વ્હોરવાડ ઢેસલી ફળીયા રોયલ એપાર્ટમેન્ટ સામે આવેલ પાર્કીંગની ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જાહેરમાં જુગાર રમતા હોય તેવી બાતમીના આધારે બી ડીવીઝન પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમ્યાન સાહિદ શબ્બીર હુસેન શેખ, હુસેન મઝાહિર ચાડીવાલા, અકીલ ઈશહાક સાયકલવાલા, ઈમ્તીયાઝ યુસુફ પઠાણ, નાશીર એહમદ શેખ, યુસુફ રહીમ મીરઝા, સીરાજ ઉર્ફે ગબ્બડ હશન શેખને ઝડપી પાડ્યા હતા. ઝડપાયેલ ઈસમોની અંગઝડતી દરમિયાન ૬૦૩૦ રૂપીયા દાવ ઉપર મુકેલ ૪૧૪૦/- રૂપીયા મળી કુલ ૧૦,૧૬૦/-રૂપીયાના મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધાઈ.

## જાંબુઘોડા BOB બેંકમાં બેદરકારીના કારણે ગ્રાહકના ખાતામાંથી ૧૯ હજાર ઉપડી જતા ચકચાર

જાંબુઘોડા,

જાંબુઘોડાની બેંક ઓફ બરોડાએ પાંચ વર્ષ અગાઉ કરેલી બેદરકારીને કારણે ઉઢવણ ગામના ખાતાધારકના રૂ.૧૯ હજાર ઉપડી જતા ચકચાર મચી જવા પામી છે. ઉઢવણ ગામના અલ્પેશભાઈ અર્જુનભાઈ બારીયાએ આ અંગે પોલીસ મથકે અરજી આપી તપાસની માંગ કરી હતી. ઉઢવણ ગામના અલ્પેશ બારીયાનુ જાંબુઘોડા ખાતે આવેલ બેંક ઓફ બરોડા શાખામાં એકાઉન્ટ ચાલુ છે. જે એકાઉન્ટમાં તેઓએ આજસુધી આધારકાર્ડ લીંક કરાવ્યુ નથી. જેઓના એકાઉન્ટમાં ૧૭/૦૧/૨૦૧૭ના રોજ અન્ય સરખુ નામ ધરાવતા વ્યકિતનુ આધારકાર્ડ બેંક ઓફ બરોડા ગાંધી ચોક, ગોધરા શાખા દ્વારા લીંક કરી દેવાયુ હતુ. જેના પગલે તે ઈસમ હિરાપુર ગામે મંજુર થયેલા અને જાંબુઘોડામાં ચાલતા બી.સી.સેન્ટર ઉપર આધારકાર્ડ લઈ જઈ તા.૧૦/૦૧/૨૦૨૨ના રોજ ૧૦ હજાર અને તા.૧૧/૦૧/૨૦૨૨ના રોજ ૯ હજાર મળી કુલ રૂ.૧૯ હજાર ઉપાડી ગયો હતો. સમગ્ર મામલે અલ્પેશે પાસબુકમાં એન્ટ્રી પડાવી હતી. ત્યારે ખબર પડતા તેની બેંકમાં જઈ તપાસ કરતા તમારા એકાઉન્ટમાંથી નાણાં ઉપાડી ગઈ છે તેમ જણાવ્યુ હતુ. જેથી અલ્પેશભાઈ બારીયાએ તા.૧૩/૦૧/૨૦૨૨ના રોજ જાંબુઘોડા પોલીસ મથકે તેમજ બી.ઓ.બી. જાંબુઘોડામાં અરજી આપી તપાસની માંગ કરી હતી.

## ઘોઘંબાના કાલસરનો યુવાન ઝેરી દવા પી જતાં સારવાર અર્થે વડોદરા ખસેડાયો

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના કાલસર ગામે રહેતા ૩૦ વર્ષીય યુવાને કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી જતાં સારવાર માટે વડોદરા દાખલ કરવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના કાલસર ગામે રહેતા વિજય મડાભાઈ ઉ.વ.૩૦ એ પોતાના ઘરમાં કોઈ અગમ્યકારણોસર ઝેરી દવા પી ગયેલ હોય જેને પ્રથમ સારવાર માટે હાલોલ સી.એસ.સી.માં તેમજ વધુ સારવાર માટે વડોદરા એસ.એસ.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો. આ બાબતે રાજગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા ખાતે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીનો ત્રીજો પદવીદાન અને ગોલ્ડ મેડલ વિતરણ સમારોહ યોજાશે

ગોધરા,

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીનો ત્રીજો પદવીદાન અને ગોલ્ડ મેડલ વિતરણ સમારોહ ઉત્તરપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલનાં અધ્યક્ષસ્થાને ગોધરા ખાતે સવારે ૧૧.૦૦ કલાકે યોજાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણી અને ઉચ્ચઅને ટેકનિકલ શિક્ષણ રાજ્યમંત્રી કુબેરભાઈ ડિંડોર અતિથી વિશેષપદે કાર્યક્રમમાં સહભાગી થશે. રાજ્યપાલ આનંદી પટેલનાં અધ્યક્ષસ્થાને કાર્યક્રમમાં સેન્ટર ઓફ એક્સલેન્સનું ઉદઘાટન તેમજ ગોલ્ડ મેડલ અને ડિગ્રી એનાયત કરવામાં આવશે. કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર તમામનાં ફરજિયાત આરટીપીસીઆર ટેસ્ટ કરવામાં આવ્યા છે, તેમજ માર્ગદર્શિકા અનુસાર કોરોના સંબંધિત વિશેષ સાવધાની રાખવામાં આવી છે. તેમ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રતાપસિંહ ચૌહાણે જણાવ્યું હતું.

**- ઉત્તરપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ અધ્યક્ષસ્થાને, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહેશે.**

**- કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર તમામનો ફરજિયાત આરટીપીસીઆર ટેસ્ટ કરાયો.**

**- કોરોના સંબંધિત તમામ સાવચેતીઓનાં ચુસ્ત પાલન સાથે આયોજન.**